उन्नति

# વિચાર

વર્ષ ૭ અંક ૨ એપ્રિલ – જુન, ૨૦૦૨

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
જાતીય શોષણ:
સ્ત્રીના ગૌરવમય અસ્તિત્વનો
સ્વીકાર

**મંતવ્ય**
મહિલાઓની પજવણી ૧૨
અને નારીવાદ

**આપના માટે**
ગ્રામીણ રાજસ્થાનમાં ૧૬
અસ્પૃશ્યતા અને મહિલાઓ

**આપણી વાત** ૨૨
આપત્તિ પછી મહિલાઓની
વિશિષ્ટ જરૂરિયાતો:
ભચાઉ અને આસપાસનાં
ગામોનો અભ્યાસ

**સંદર્ભ સાહિત્ય** ૨૫

**અમારા વિશે** ૨૮

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## સુસંસ્કૃત સમાજના નિર્માણમાં મહિલાઓની ભાગીદારી

ભારતના પ્રાચીન ઈતિહાસમાં મહિલા વિદ્વાનો અને મહિલા શાસકોનાં અનેક ઉદાહરણો છે. ભારતમાં હંમેશાં સ્ત્રીઓનો માન અને આદર સાથે મોભો જળવાયો છે તેની અનેક પૌરાણિક કહાણીઓ પણ છે. મહિલાઓને મતાધિકાર આપનારા પ્રથમ દેશોમાં ભારત પણ એક છે અને ભારતના બંધારણે સ્ત્રીઓ અને પુરુષોને સમાન અધિકારો આપ્યા છે. આ બધાને કારણે એમ સતત કહેવામાં આવે છે કે ભારતમાં સ્ત્રીઓ સમાજની સ્વતંત્ર અને સમાન સભ્યો છે. પરંતુ સરકારી અહેવાલો, સર્વેક્ષણો અને માધ્યમોમાં રોજેરોજ આવતા સ્ત્રીઓના અનુભવો આનાથી તદ્દન જુદું જ ચિત્ર દોરે છે. ભારતમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનું પ્રમાણ અને બાળકીઓની ભ્રૂણ હત્યાની આંકડાકીય વિગતો જ સ્ત્રીઓની ખરી સ્થિતિની ચાડી ખાય છે. આરોગ્ય, શિક્ષણ, કામના સ્થળે શોષણ અને સતામણી, ઘરમાં કે ઘરની બહાર નિર્ણય-પ્રક્રિયામાં ભાગીદારી અને હિંસા વગેરે ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ ભારે દયનીય છે અને સ્ત્રીઓ તેમના અંગત, કૌટુંબિક કે જાહેર જીવનમાં પોતાના અસ્તિત્વનો સંપૂર્ણ લોપ કરીને જીવતી હોય એમ મોટે ભાગે જણાય છે. દા.ત. ભારતમાં દર ૨૬ મિનિટે એક સ્ત્રીની છેડતી થાય છે અને દર ૩૪ મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે. સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિબળો આ નિરાધાર સ્થિતિ ઊભી કરવામાં આગત્યની ભૂમિકા ભજવે છે. સ્થાનિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે અનેક પ્રયાસો સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે થઈ રહ્યા છે પણ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક નિષેધોને લીધે પરિવર્તન અત્યંત ધીમી ગતિએ થઈ રહ્યું છે.

એક નારીવાદી સૂત્ર એવું છે કે 'તમામ પ્રશ્નો મહિલાઓના પ્રશ્નો છે.' તેમાંથી એવું સૂત્ર તારવી શકાય કે 'મહિલાઓના પ્રશ્નો બધાના પ્રશ્નો છે.' આ બંને સૂત્રો વાસ્તવમાં ભારતની સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટેની સંભવિત વ્યૂહરચના ધરાવે છે. આજથી ૫૦ વર્ષ પહેલાં ભારતીય સ્ત્રીઓ જેટલી દૃશ્યમાન હતી તેના કરતાં આજે વધારે દૃશ્યમાન છે અને તેમનો અવાજ ત્યારે સંભળાતો હતો તેનાં કરતાં આજે વધારે સંભળાય છે. મહિલાઓની સમસ્યાઓ અંગે ખૂબ મજબૂત અને જીવંત એવાં અનેક આંદોલનો થયાં છે. માહિતીનો અધિકાર, પ્રાકૃતિક સંસાધનો પરનું નિયંત્રણ અને વિકાસ અંગેનાં ભારતીય આંદોલનોએ વૈશ્વિક ચર્ચા માટેના માપદંડો ઊભા કર્યા છે.

કૌટુંબિક, સામુદાયિક અને જાહેર ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિમાં સુધાર લાવવા માટે યુગો જૂનાં માનસિક વલણોને બદલવાની જેટલી જરૂર છે તેટલી જ આવશ્યકતા સ્ત્રીઓનાં વધુ જીવંત સંગઠનોની પણ છે. તમામ નાગરિકોને સ્વાતંત્ર્ય અને સમાનતા હોય, કામ, તકો અને સમાનતા સાથે વિકાસ થાય, સ્ત્રીઓ માત્ર ગ્રાહકો નથી પણ નાગરિકો છે તેવી સામાજિક અને આર્થિક ક્ષેત્રની ભાવનાનું નિર્માણ થાય તથા સ્ત્રી-પુરુષ સમાનતાનો પ્રશ્ન માત્ર મહિલાઓનો પ્રશ્ન નથી પણ સમગ્ર સમાજનો અને લોકોનો પ્રશ્ન છે એ સમજવામાં આવે તો સ્ત્રીઓની સ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવી શકે છે. મંઝિલ ઘણી લાંબી છે પણ સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે ત્યાં પહોંચવું અનિવાર્ય છે.

# જાતીય શોષણ: સ્ત્રીના ગૌરવમય અસ્તિત્વનો અસ્વીકાર

પ્રસ્તુત લેખ સ્ત્રીઓના જાતીય શોષણની સમસ્યા અને ઘરેલૂ હિંસા વિશેનો ખ્યાલ સમજાવે છે. અમદાવાદના 'વિકાસ અધ્યયન કેન્દ્ર'નાં **સુશ્રી સોફિયા ખાન** દ્વારા જાતીય શોષણ વિશેની સમજૂતી અને તેની કાનૂની જોગવાઈઓ વિશેની માહિતી આ લેખમાં રજૂ કરાઈ છે. ઉપરાંત આ લેખ ભારત સરકાર દ્વારા સંસદમાં રજૂ કરાયેલા ઘરેલૂ હિંસાને રોકવા અંગેના ખરડાની વિગતે છણાવટ કરે છે. 'ધ લોયર્સ કલેકટિવ'ના એપ્રિલ-૨૦૦૨ના અંકમાં **સુશ્રી સુમંગલ** અને **સુશ્રી કાવેરી શર્મા** દ્વારા લખાયેલા લેખોમાંથી આ અંગેની વિગતો એકત્ર કરવામાં આવી છે.

## પ્રસ્તાવના

છેલ્લા કેટલાક દાયકાઓથી સ્ત્રીઓ વિરુદ્ધ થતા અન્યાય અને તેમના શોષણના પ્રશ્નો, સ્ત્રી સંસ્થાઓ ઉપરાંત માનવ અધિકારો માટે ચિંતિતો માટે તેમ જ કેટલેક અંશે સરકાર માટે પણ ચિંતાના અને એટલે જ ચર્ચાના વિષય તરીકે અગ્રતાએ રહ્યા છે. સ્ત્રીઓના શોષણની વાતોને આપણા પિતૃસત્તાક સમાજની એક સહજ વ્યવસ્થા તરીકે સ્વીકારી લેવામાં આવી છે. હવે ચર્ચાઓ થઈ રહી છે, પ્રશ્નો ઉઠી રહ્યા છે, તેમ છતાં આજે પણ સ્ત્રીઓનું શોષણ એ કુટુંબની કે જ્ઞાતિની આંતરિક બાબત છે તેવું માનવામાં આવે છે, જેમાં અન્યના હસ્તક્ષેપને કોઈ અવકાશ રહેતો નથી. સામાન્ય રીતે જ્યારે સ્ત્રીઓના શોષણની કે તેમની ઉપર થઈ રહેલા અત્યાચારોની વાત કરવામાં આવે છે ત્યારે મોટે ભાગે તેમાં શારીરિક કે માનસિક ત્રાસની વાતો જ ચર્ચાય છે. ખૂબ ઓછા લોકો સ્ત્રીઓને વેઠવા પડતા ત્રીજા પ્રકારના ત્રાસ વિશે ચર્ચા કરતા હોય છે. આ ત્રાસનેય જાતીય ત્રાસ કે જાતીય શોષણ કહી શકાય. આ પ્રકારનો ત્રાસ સ્ત્રીને કુટુંબમાં કે કુંટુંબ બહાર, ગમે તે સ્થળે વેઠવો પડતો હોઈ શકે છે. દોષિત વ્યકિતઓ સ્ત્રીના નજીકના સગા સંબંધી, કુંટુંબીજનો કે પરિચિતો ઉપરાંત અજાણી વ્યકિતઓ તેમ જ કેટલીક વાર કામના સ્થળે તેના સહકર્મચારીઓ કે ઉપરી અધિકારીઓ પણ હોઈ શકે છે.

આપણા સમાજમાં જાતીય શોષણની વાતો સામાન્ય રીતે જાહેરમાં ચર્ચવામાં આવતી નથી. પરિણામે તેનો વિરોધ પણ જાહેરમાં કરાતો નથી. આ પ્રકારના વર્તન માટે જવાબદાર વ્યકિત સ્ત્રીના મૌનને તેની નબળાઈ ગણી પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવતી હોય છે. કેટલીક વાર આ કારણસર સ્ત્રીઓને આત્મહત્યા સુધીનું પગલું ભરવા મજબૂર કરાય છે. આજે સ્ત્રી ઘરની ચાર દિવાલોમાં પુરાઈને રહેતી નથી, રહેવું શક્ય પણ નથી. જીવન નિર્વાહ માટે, કુટુંબનું ગુજરાન ચલાવવા માટે, શિક્ષણ મેળવવા માટે તો કયારેક પોતાની કારકિર્દી બનાવવા કે કોઈ પણ કારણે તેને માટે ઘરની બહાર નીકળવું અનિવાર્ય બન્યું છે. જાતીય સતામણી સ્ત્રીઓની આવી સામાજિક ગતિશીલતા ઉપર સીધો પ્રહાર કરે છે માટે પણ તેના વિશે હવે મુક્ત ચર્ચાઓ થવી જરૂરી છે.

## કાનૂની અને સામાજિક દૃષ્ટિબિંદુ

જાતીય શોષણ અંગે જ્યારે આપણે સજાગ થવાની વાત કરીએ છીએ ત્યારે આ પ્રશ્નને કાયદાકીય અને સામાજિક એમ બે દૃષ્ટિબિંદુથી તપાસવો પડે. સામાજિક રીતે કેટલીક વાર સ્ત્રીને પોતાને જ પોતાના શોષણ માટે જવાબદાર ઠરાવવામાં આવે છે અથવા તેને જ પ્રશ્ન પૂછાય છે કે તે શા માટે આ પ્રકારના શોષણ વિરુદ્ધ અવાજ નથી ઉઠાવતી? આવા પ્રશ્નો પૂછવાને બદલે પરિસ્થિતિને મૂળમાંથી સમજવાની જરૂર છે. ઉપરછલ્લી રીતે સામાન્યપણે કહાય છે તેમ સ્ત્રીનો વાંક કાઢવાથી, તે પ્રસંગ કે ઘટના તો કદાચ દબાઈ જશે, પરંતુ પ્રશ્ન ત્યાં ને ત્યાં જ ઊભો રહેશે.

આ સમજણ કેળવવા, આપણે આપણાં પિતૃસત્તાક વલણો આધારિત સમાજ વ્યવસ્થા તરફ એક નજર નાખવી પડશે, જ્યાં દીકરીનો ઉછેર માત્ર ત્યાગ, બલિદાન, સહનશીલતા અને આજ્ઞાંકિતપણાના પાઠો ભણાવીને જ કરવામાં આવે છે. આ ગુણોનો આગ્રહ જ્યારે દીકરી અને સ્ત્રીઓમાં જ વિકસે તેવો આગ્રહ રખાય અને દીકરા તથા પુરુષોમાં વિકસે તો ટીકાપાત્ર બને ત્યારે તેની યોગ્યતા વિચારવા યોગ્ય છે. નૈતિકતાનાં બેવડાં ધોરણો શિખવાડાય છેઃ સ્ત્રી માટે એક અને પુરુષ માટે બીજું. સ્ત્રીના ચારિત્ર્યને કુટુંબની ઈજ્જત કે માનમર્યાદા સાથે સાંકળી તેનાં પિતૃસત્તાક વ્યવસ્થાને અનુરૂપ અર્થઘટનો કરવામાં આવે છે. રાજસ્થાનમાં સ્ત્રીઓના પ્રજનન અંગ ઉપર લોખંડનું કવચ પહેરાવી તાળું મારવાની પ્રથા છે. તે લસુઆ પ્રકરણ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તે હજુ ગઈ કાલની વાત છે. કદાચ આ પ્રકારના વિચારને કારણે જ જ્યારે કોઈ કુટુંબ કે જ્ઞાતિ સામે રોષ પ્રગટ કરવાનો હોય કે વેર વાળવાનું હોય ત્યારે તે કુટુંબ કે જ્ઞાતિની સ્ત્રીઓ સામે વ્યકિતગત કે સામૂહિક બળાત્કારના કિસ્સા બનતા જોવામાં આવે છે.

બળાત્કાર હોય, છેડતી હોય કે અન્ય પણ રીતે સ્ત્રી ઉપર ગુજારાતો સિતમ હોય, સમાજ હંમેશાં સ્ત્રીનો વાંક કાઢવા તત્પર હોય છે. તે વખતે એવા કિસ્સા પણ દેખાય છે કે જયાં ૬ વર્ષની માસૂમ બાળકી ઉપર કે ૫૫ વર્ષની પ્રૌઢ સ્ત્રી ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હોય. આવા કિસ્સામાં સ્ત્રીનો વાંક તો નીકળી શકવાનો નથી, તો પછી પુરુષ જ જવાબદાર ઠરવાનો ને? ના. પુરુષને દોષિત કેવી રીતે ઠરાવી શકાય? આવે વખતે એમ કહીને વાત પૂરી કરવામાં આવે છે કે તે તો માનસિક વિકૃતિથી પિડાતો પુરુષ છે. આવા જ કારણે એવા પુરુષોની તરફેણમાં પણ મત વ્યકત કરવામાં આવે છે કે જે પોતાની દીકરી કે ભત્રીજી ઉપર બળાત્કાર આચરે છે. આ વિષે કાર્ય કરતી સંસ્થાઓના અભ્યાસ જણાવે છે કે આવા પુરુષો માનસિક વિકૃતિથી પિડાય છે તેમ કહી જવાબદાર ન ગણવા એ યોગ્ય નથી, કારણ કે તે ખોટું છે.

સ્ત્રીનો ઉછેર તેને કુટુંબની આબરુ, સમાજની ટીકા, કયારેક જ્ઞાતિમાંથી બહાર કાઢી મૂકવાની ધમકી, ભવિષ્યના સામાજિક સંબંધો, આર્થિક નિર્ભરતા વગેરે વિશે વિચાર કરવા પ્રેરે છે અને એટલે જ આ સામાજિક કારણોસર પોતાની સાથે થઈ રહેલા જાતીય શોષણ સામે મૌન રહેવાનું તે પસંદ કરે છે.

આ તો સામાજિક દૃષ્ટિએ વાત થઈ. કાયદો જાતીય શોષણ સામે આપણને શું રક્ષણ આપે છે તે જાણવું પણ એટલું જ જરૂરી છે. પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ જાતીય શોષણને ખૂબ જ સીમિત પરિપ્રેક્ષ્યમાં જુએ છે.

## કાનૂની જોગવાઈઓ

ભારતીય દંડ સહિતા એટલે કે ઈન્ડિયન પિનલ કોડમાં જાતીય ગુનાઓના પ્રકરણમાં જે બે ગુનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાંથી એક છે બળાત્કારનો ગુનો અને બીજો છે સૃષ્ટિક્રમ વિરુદ્ધના કામ અંગેનો ગુનો. તે ઉપરાંત બે અન્ય સ્થળે નજીવી કહી શકાય તેવી જોગવાઈઓ છે.

**કલમ ૩૫૪ :** કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા ગુનાઇત બળ વાપરવા બાબતે. આ ગુનો જામીનપાત્ર અને બે વર્ષ સુધી કેદની સજા થઈ શકે એવા પ્રકારનો છે.

**કલમ ૫૦૯ :** કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી ઉચ્ચાયેલા શબ્દો કે કૃત્ય. એક વર્ષ સુધીની કેદની સજા. (લાજ/આબરૂ જેવા શબ્દો અલબત્ત ઘણી ચર્ચા માંગી લે તેવા છે.)

**કલમ ૩૭૫ :** જાતીય ગુનાઓ અંગેઃ બળાત્કાર.

### ન્યાયમૂર્તિઓનું વિચિત્ર વલણ

મહિલાઓના પ્રશ્ને કામ કરતી એક સ્વૈચ્છિક સંસ્થા 'સાક્ષી'એ 'જેન્ડર એન્ડ જજિઝ', નામે એક અહેવાલ બહાર પાડ્યો છે. તેમાં જણાવાયું છે કે દેશભરના ૧૦૯ ન્યાયમૂર્તિઓનું એક સર્વેક્ષણ કરાયું. તેમાંથી ૪૯ ટકા ન્યાયમૂર્તિઓ એમ માને છે કે લગ્ન દરમ્યાન પતિ તેની પત્નીને એક વાર લાફો મારે તો એ ક્રૂરતા ન કહેવાય. ૪૬ ટકા ન્યાયમૂર્તિઓ એમ માનતા હતા કે ક્યારેક અમુક પ્રસંગોએ પતિ પત્નીને લાફો મારે એ વાજબી ઘટના છે. કેટલાક કેસ પણ એવા છે કે જેમાં ન્યાયમૂર્તિઓ નાની મારઝૂડ બહુ મહત્ત્વની ગણતા નથી.

આમાં હવે પછી દર્શાવેલા અપવાદ સિવાય જે પુરુષ નીચે દર્શાવેલા છ પ્રકારના સંજોગોમાંથી કોઈ સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તો તે બળાત્કાર કરે છે એમ કહેવાય.

**પ્રથમઃ** તે સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ.

**બીજુંઃ** તે સ્ત્રીની સંમતિ વિના.

**ત્રીજુંઃ** તે સ્ત્રીને અથવા તેને જે વ્યકિતમાં હિત હોય તેવી વ્યકિતને મૃત્યુનો ભય અથવા વ્યથા કરવાનો ભય બતાવી, તેની સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેની સંમતિથી.

**ચોથોઃ** જ્યારે પુરુષ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી, અને તે સ્ત્રી માને છે કે તે એવી વ્યકિત છે તે જેની સાથે તે કાયદેસર પરણેલી છે અથવા પોતાની જાતને કાયદેસર પરણેલી માને છે અને તેથી તેની સંમતિ અપાઈ છે, ત્યારે તેની સંમતિથી.

**પાંચમોઃ** સંમતિ આપતી વખતે અસ્થિર મગજના કારણે અથવા કેફી દ્રવ્ય લેવાના કારણે અથવા પુરુષે જાતે અથવા બીજી વ્યકિત મારફતે કેફી પદાર્થ અપાયાને કારણે તેણે જે સંમતિ આપી હોય તેનો પ્રકાર અને પરિણામ સમજી શકે તેમ ન હોય ત્યારે, તેની સંમતિથી.

**છઠ્ઠોઃ** જ્યારે તે સ્ત્રી સોળ વર્ષથી નીચેની વયની હોય ત્યારે તેની સંમતિથી કે સંમતિ વિના.

સ્પષ્ટીકરણઃ ખરડાની જોગવાઈઓ મૂજબ બળાત્કારનો ગુનો ગણવા માટે પ્રવેશ થયો હોય તે પૂરતું છે.

અપવાદઃ કોઈ પુરુષ પંદર વર્ષથી ઓછી વયની ન હોય તેવી પોતાની પત્ની સાથે સંભોગ કરે તો તે બળાત્કાર નથી.

જાતીય શોષણને ગુનાના સ્વરૂપે ઓળખાવતી, આ કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરતાં જણાય છે કે કાયદો બળાત્કારના

## ધારણાઓ અને હકીકતો

**ધારણા**

જાતીય સતામણી ભાગ્યે જ થતી હોય છે.

**હકીકત**

જાતીય સતામણી ખૂબ જ વ્યાપક છે. કામ કરતી ૪૦થી ૬૦ ટકા સ્ત્રીઓ તેનો ભોગ બનતી હોય છે.

**ધારણા**

સ્ત્રીઓને જાતીય સતામણી કે છેડતી ગમે છે.

**હકીકત**

સ્ત્રી માટે એ અપમાનજનક, દર્દનાક અને ખોફનાક અનુભવ છે.

**ધારણા**

મોટા ભાગની જાતીય સતામણી ખૂબ નાની-નજીવી હોય છે, અને નુકસાન ન કરનારી છેડતી હોય છે. જે સ્ત્રીઓ વાંધો લે છે તેમને રમૂજ વૃત્તિની ખબર હોતી નથી.

**હકીકત**

જાતીય સતામણી સ્ત્રીઓ પ્રત્યે આક્રમક, ડરામણી અને અપમાનજનક હોય છે.

**ધારણા**

સ્ત્રીઓ જે કપડાં પહેરે છે અને જે રીતે વર્તે છે તેનાથી તેઓ પોતે જ સતામણી કરનારને પ્રેરે છે.

**હકીકીત**

સતામણી કરનાર પરથી દોષનો ટોપલો સ્ત્રી ઉપર જ નાખવાની આ શ્રેષ્ઠ રીત છે. સ્ત્રીઓને કોઈ પણ જાતની સતામણી વિના કામ કરવાનો, કપડાં પહેરવાનો અને મુક્તપણે હરવાફરવાનો અધિકાર છે.

**ધારણા**

સ્ત્રી જયારે ના પાડે ત્યારે તેને હા સમજવી.

**હકીકત**

જાતીય આક્રમણ માટે પુરુષો જ આ બહાનું બતાવે છે.

કિસ્સાને બાદ કરતાં સ્ત્રીઓના જાતીય શોષણને ગંભીરતાથી લેતો નથી. સામાન્ય છેડછાડ અને બળાત્કાર વચ્ચે એવી અનેક ઘટનાઓ ઘટે છે કે જેને કાયદો જોઈએ તેટલી ગંભીરતાથી પડકારતો નથી. જેમ કે સ્ત્રીને નગ્ન પરેડ કરાવવી, તેના જાતીય અવયવો સાથે ક્રૂરતા આચરવી વગેરે. આવા કિસ્સાઓને સામાન્ય છેડછાડ કે સ્ત્રીના શીલનું અપમાન માત્ર જ ન ગણી શકાય. સ્ત્રીના વ્યક્તિત્વનું અપમાન કરતી અને તેના અસ્તિત્વને જોખમમાં મૂકતી આવી ઘટનાઓને રોકવામાં ફોજદારી કાયદો કેટલેક અંશે અસમર્થ છે. પતિ દ્વારા પત્ની ઉપર કરવામાં આવતા જાતીય ત્રાસની તે કાયદો કોઈ નોંધ લેતો જ નથી. અનેક સ્ત્રીઓ પોતાના પતિ દ્વારા કરવામાં આવતા રોજબરોજનાં બળાત્કારને મૌન રહીને સહન કરે છે. જો કે કાયદો તેને બળાત્કાર ગણતો નથી. તે તો વૈવાહિક જીવન માણવા માટે પતિને પ્રાપ્ત થયેલો સહજ અધિકાર છે, જેમાં પત્નીની મરજી-નામરજી અસ્થાને છે.

કાયદા પ્રમાણે લગ્ન માટેની ઉંમર છોકરી માટે ૧૮ વર્ષની છે. તે ઉંમરની પત્ની સાથે જાતીય સંબંધ બાંધવામાં આવે તો કાયદો તેને બળાત્કાર ગણતો નથી. કેટલાક વિકસિત દેશોમાં પત્ની પર બળાત્કારના ખ્યાલને હવે કાયદામાં સ્થાન મળ્યું છે. તે મુજબ પત્નીની ઈચ્છા વિરુદ્ધ પતિ દ્વારા બાંધવામાં આવતા શારીરિક સંબંધને બળાત્કાર ગણવામાં આવે છે. ભારતમાં વર્ષોથી આ પ્રકારની કાયદાકીય જોગવાઈની માંગણી કરાઈ રહી છે.

જાતીય શોષણ અટકાવવા માટે હાલની કાયદાકીય જોગવાઈઓ અપૂરતી તેમ જ હળવી છે.

ભારતીય દંડ સંહિતામાં બળાત્કારની જે વ્યાખ્યા આપવામાં આવેલી છે તેનું ટીકાત્મક વિશ્લેષણ કરતાં જણાશે કે બળાત્કારના ગુનાને સ્ત્રીના વ્યક્તિત્વ કે ગૌરવ ઉપરના આક્રમણ તરીકે નહીં પરંતુ પિતૃત્વ, બાળકની ઔરસતા/અનૌરસતા કે વારસાધિકારો સાથે જ સંબંધ છે.

થોડાક સમય પહેલાં બળાત્કારના ગુના માટે ફાંસીની સજાની વાત ચગડોળે ચડી હતી, જેનો દેશભરની મોટા ભાગની સ્ત્રી સંસ્થાઓએ વિરોધ કર્યો હતો. આપણે સૌ જોઈએ છીએ કે જેમ વધુ કડક સજાની જોગવાઈ તેમ હકીકતમાં આરોપીને ઓછી સજા થવાની શકયતાઓ. માનવ અધિકાર અને સુધારાવાદી ચળવળો આરોપીના અધિકારો માટે પણ ચિંતિત હોય તે સ્વાભાવિક છે. પરંતુ બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે બળાત્કારના ગુના માટે ફાંસીની સજાની વકીલાત કરનારા સ્ત્રીના અપમૃત્યુ - દહેજ મૃત્યુ (કે જ્યાં સ્ત્રીના જીવનનો અંત થાય છે) જેવા કિસ્સામાં કેમ ફાંસીની સજા નથી વિચારતા. દેખીતી રીતે સ્ત્રીને ન્યાય અપાવવા માટે આવી કહેવાતી જોગવાઈઓ સૂક્ષ્મ રીતે તપાસતાં જણાય છે કે તે પિતૃસત્તાક સમાજની ચાલનાઓને જ વધુ મજબૂત કરે છે. અલબત્ત, બળાત્કારની વ્યાખ્યાનો વિસ્તાર કરવો જરૂરી છે જ. અને કાયદાનો અમલ કરનાર અને કરાવનાર બંને પક્ષે સંવેદનશીલતા અને જાગૃતિ પણ આવશ્યક છે.

### કામના સ્થળે જાતીય શોષણ

આ તબક્કે કામના સ્થળે થતા જાતીય શોષણની વાતનો ઉલ્લેખ

કરવો જ જોઈએ. સર્વોચ્ચ અદાલતે વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનના કેસમાં ૧૩, ઓગષ્ટ, ૧૯૯૭એ એક મહત્ત્વનો ચુકાદો આપ્યો અને તે મુજબ જાતીય શોષણને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કર્યો. સર્વોચ્ચ અદાલતે પોતાના ક્રાંતિકારી ચુકાદામાં જાતીય શોષણની વાતને બંધારણ દ્વારા અપાયેલા મૂળભૂત માનવ અધિકારોનો ભંગ ગણાવી છે.

સુપ્રિમ કોર્ટ અનુસાર જાતીય શોષણમાં નીચેની બાબતો આવે છે, જે સ્પષ્ટ રીતે કહેવામાં કે કરવામાં આવેઃ

(૧) શારીરિક સંપર્ક કે તેનો પ્રયત્ન જેમ કે જાણી જોઈને હાથ અડાડવો કે ખેંચવો.
(૨) જાતીય સંબંધ માટે દબાણ કરવું કે કહેવું. જેમ કે કોઈ અધિકારી કહે કે આજે સાંજે ઘરે આવી જાઓ ત્યારે ત્યાં તમારી બઢતીની વાત પણ કરી લઈશું.
(૩) અશ્લીલ રીતે કઈ કહેવું, જેમ કે કોઈનાં કપડાં કે બોલવા-ચાલવાની રીત પર વ્યંગ કરવો.
(૪) અશ્લીલ ચિત્ર બતાવવું.
(૫) અન્ય ના શોભે તેવો શારીરિક, મૌખિક કે બિન-મૌખિક વ્યવહાર કરવો. જેમ કે અશ્લીલ ઈશારા કરવા વગેરે.

અગાઉ કહ્યાં તે સામાજિક કારણો ઉપરાંત સ્ત્રીની આર્થિક નિર્ભરતા, કાયદાનું અજ્ઞાન, પોલિસ અને કોર્ટનો ભય વગેરે જેવાં કેટલાંક વધારાનાં કારણોસર સ્ત્રીઓ જાતીય શોષણ અંગે ફરિયાદ કરવાનું ટાળે છે. કાયદો જેને ગુનો ગણીને જેની નોંધ લે છે તેવા ગુનાઓ આપણે ત્યાં ઘટતી તમામ ઘટનાઓમાંની કેટલીકનું પ્રતિબિંબ માત્ર છે. હકીકતમાં ખરા આંકડા ઘણા વધારે હોય છે. આ નોંધાયેલા ગુનામાંથી કેટલા કેસમાં તહોમતનામું ઘડાય અને કેટલાને શંકાથી પર સાબિત કરીને દોષિત ઠરાવી શકાય તે એક માટો પ્રશ્નાર્થ છે. આ ગુનાઓ ઉપરાંત કાયદો જે જાતીય ત્રાસની નોંધ પણ નથી લેતો તે ત્રાસમાં કેટલી બહેનો જીવી રહી હશે તેની તો આપણે કલ્પના જ કરવી રહી.

## રાષ્ટ્રીય મહિલા પંચનો અભ્યાસ

રાષ્ટ્રીય મહિલા પંચે જુલાઈ-૧૯૯૮માં એક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. તેમાં સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રની ૧૨૦૦ મહિલાઓને આવરી લેવાઈ હતી. તેમાંની ૫૦ ટકાને તેમના પ્રત્યે ભેદભાવ રખાતો હોવાનો અથવા માનસિક તથા શારીરિક સતામણી કરાતી હોવાનો અનુભવ થયો હતો. તેમ છતાં ૮૫ ટકાને તો સર્વોચ્ચ અદાલતના ચુકાદા વિશે કશી ખબર જ નહોતી. માત્ર ૧૧ ટકાને જ ખબર હતી કે જાતીય પજવણીના કિસ્સામાં તેઓ કાનૂની રાહે ઉપાય અજમાવી શકે છે, અને જાતીય પજવણી એ સજાને પાત્ર ગુનો છે.

આ સર્વેક્ષણમાં સંગઠિત ક્ષેત્ર કરતાં અસંગઠિત ક્ષેત્રમાં સ્ત્રીઓ વધારે લાચાર જણાઈ હતી. જાતીય સતામણી ઉપરાંત ૩૨ ટકા સ્ત્રીઓને પગાર, રજા, બઢતી, કામના કલાકો, કામની ફાળવણી વગેરેમાં ભેદભાવ રખાતો હોવાનો અનુભવ થયો હતો.

સરકારી નોકરીઓમાંની સ્ત્રીઓનો એક અભ્યાસ એમ દર્શાવે છે કે તેઓ અધિકારી હોય તેથી કંઈ તેમને જાતીય સતામણીથી રક્ષણ મળી જતું નથી. ૨૦ ટકા કરતાં પણ વધારે મહિલા અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની કારકિર્દીના કોઈક તબક્કે તેઓ પજવણીનો ભોગ બન્યાં છે. પોતાના ઉપરી અધિકારીઓની જાતીય સતામણીનો જે સ્ત્રીઓએ પ્રતિકાર કર્યો છે તેમને અનેક રીતોએ સજા કરવામાં આવે છેઃ તેમના વિશેના ખાનગી અહેવાલોમાં વિપરીત લખાણ લખાય છે, અનિચ્છનીય હોદ્દા પર બદલી કરાય છે, અથવા તેમના વિશે અફવાઓ ફેલાવવામાં આવે છે. આ પ્રકારની સતામણીના કિસ્સા મહિલા અધિકારીઓ પણ બહાર લાવતી નથી. તેમને ડર હોય છે કે તેમનાથી વરિષ્ઠ પુરુષો જે કંઈ કહેશે તે જ માનવામાં આવશે, અથવા તેમને ડર હોય છે કે તેમની ફરિયાદને હાસ્યાસ્પદ ગણાશે અથવા તુચ્છ ગણવામાં આવશે. મોટે ભાગે આવા કિસ્સાઓમાં સ્ત્રીનો જ દોષ હશે એમ માનવામાં આવે છે.

## વલણ બદલવાની જરૂર

આપણે માનીએ છીએ કે કાયદો એ ગુનો રોકવાનું એકમાત્ર સાધન નથી, પરંતુ એક સાધન ચોક્કસ છે. અસરકારક અને પૂરતી કાયદાકીય જોગવાઈઓના અમલની સાથે લોકોમાં કાયદાકીય અને સામાજિક જાગૃતિના પ્રસારની જરૂર છે. જાતીય શોષણની વાતો જાહેરમાં કરવાની આપણી સૂગ અને આપણા સંકોચને હવે ત્યજવાં પડશે. મોટે ભાગે તમામ સ્ત્રીઓને જીવનમાં ક્યારેક ને કયારેક તો જાતીય સતામણીના ત્રાસદાયક અનુભવમાંથી પસાર થવું જ પડ્યું હોય છે. પરંતુ મૌનના કહેવાતા સંસ્કારને કારણે તેઓ આ વાતોની ચર્ચા કરતાં સંકોચ અનુભવે છે. સામૂહિક રીતે આવી વાતોની ચર્ચા કરવાથી એકબીજાને નૈતિક ટેકો મળી રહે છે. ઉપરાંત, આવા ત્રાસ સામે સંઘર્ષ કરવાની તાકાત પણ ઊભી થાય છે. સમાજના કેટલાક પ્રસ્થાપિત નિયમો ઉપર પુનઃ વિચાર કરવાની પણ જરૂર છેઃ

જે વ્યક્તિ ખોટું કરે તેને અપમાનિત લાગણી થવી જોઈએ. તેને બદલે આપણે ત્યાં હંમેશાં અન્યાય કરનાર માથું ઊંચકીને અને સહન કરનાર માથું ઝુકાવીને રહે છે. આ માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે.

## ઘરેલૂ હિંસા વિશેનો ખરડો

| સૂચિત ખરડાની જોગવાઈ | ફેરફાર માટેનું કારણ | સૂચન |
|---|---|---|
| **ઘરેલૂ હિંસાની વ્યાખ્યા**<br>આ ખરડામાં ઘરેલૂ હિંસા વિશે જે વ્યાખ્યા આપવામાં આવી છે તે કલમ-૪ અનુસાર નીચેની બાબતોનો સમાવેશ કરે છે:<br>(૧) વારંવાર થતા હુમલા અથવા ક્રૂરતાપૂર્ણ વર્તનથી વ્યક્તિનું જીવન દુઃખમય બની જાય.<br>(૨) વ્યક્તિને અનૈતિક જીવન જીવવાની ફરજ પડે.<br>(૩) શારીરિક દુર્વ્યવહાર ન ગણાય તેવું વર્તન.<br>(૪) વ્યક્તિને અન્ય રીતે ઈજા થાય. | આ વ્યાખ્યા સ્ત્રીઓ પર આચરાતી હિંસાનાં વિવિધ પાસાંને રજૂ કરતી નથી. દુઃખમય સ્થિતિ કે વારંવાર હુમલાની વ્યાખ્યાઓ દુનિયામાં ઉપયોગમાં લેવાતી નથી કે સ્વીકારવામાં આવતી નથી. બાકીની પેટા કલમોમાં ઘરેલૂ હિંસાનાં અણધાર્યાં કૃત્યોને આવરી લેવાયાં છે. તે ઉપર જેવાં જ છે. ઘરેલૂ હિંસાની વ્યાખ્યા બાંધવાનું કામ અદાલતોનું નથી. 'અન્ય રીતે થતી ઈજા' શબ્દોમાં તમામ પ્રકારની હિંસા આવરી લેવાય છે એમ કહેવું પૂરતું નથી. એ વ્યાખ્યા નથી પણ વ્યાખ્યામાં જેમનો સમાવેશ નથી થયો એવી હિંસાને સમાવી લેવાનો ઈરાદો તેમાં વ્યકત થાય છે. તેથી વ્યાખ્યા તો હોવી જ જોઈએ. કાયદો ઘડનારનું એ કામ છે કે તે ઘરેલૂ હિંસાની સ્પષ્ટ વ્યાખ્યા બાંધે. ભારત સરકારના ખરડામાં વ્યાખ્યા નથી પણ માત્ર ઉપવાક્ય જ છે. તેથી ન્યાયધીશ શું માને છે તેના પર બધો આધાર રહે છે અને તેથી ફરિયાદીને રાહત આપવાનો ઈન્કાર થઈ શકે છે. | ઘરેલૂ હિંસાની વ્યાખ્યા નીચે મુજબ બંધાવી જોઈએ:<br>(૧) એવું કોઈ પણ કૃત્ય કે વર્તન કે જેનાથી ઈજા પહોંચે.<br>(૨) વ્યકિતના આરોગ્યને નુકસાન પહોંચે કે તેની સુરક્ષાને હાનિ પહોંચે.<br>(૩) શારીરિક શોષણ, જાતીય, શાબ્દિક અને માનસિક અત્યાચાર, આર્થિક શોષણ.<br>આ વ્યાખ્યા ઘરેલૂ હિંસાનાં વિવિધ સ્વરૂપોને વ્યાખ્યાયિત કરે છે. ઘરેલૂ હિંસા વિશે 'સંયુક્ત રાષ્ટ્રો' એ જે નમૂનારૂપ કાયદો તૈયાર કર્યો છે તેના પર આ વ્યાખ્યા આધારિત છે. તે હિંસા વિશેના સ્ત્રીઓના અનુભવો પર આધારિત છે. ઘરેલૂ હિંસા અંગે આ વ્યાખ્યા સાર્વત્રિક રીતે સ્વીકારાયેલી વ્યાખ્યા છે. |
| **સ્વબચાવ**<br>આ ખરડો ઘરેલૂ હિંસાની વ્યાખ્યામાંથી એવા વર્તનને બાકાત રાખે છે કે જે પોતાના સ્વરક્ષણ માટે કે પોતાની અથવા બીજાની મિલકતના રક્ષણ માટે વાજબી હોય. | આ પેટા કલમ એમ સૂચવતી હોવાનું જણાય છે કે સ્વબચાવની અરજ પુરુષ જ કરી શકે છે કે જ્યારે તે ઘરેલૂ હિંસાનો સામનો કરતો હોય. આ તો મુખ્ય જોગવાઈને જ નકામી કરી નાખવાનું કાવતરું છે. એનું કારણ એ છે કે પુરુષ હંમેશાં એમ કહી શકે કે તે મારામારી બંધ કરાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, તેની અને તેની પત્ની વચ્ચે કે તેની પત્ની અને તેની મા વચ્ચે મારામારી થતી હતી અને તેના પ્રયત્ન દરમ્યાન જ સ્ત્રીને ઈજાઓ થઈ છે. જો સ્ત્રીને ખરેખર હિંસા સામે રક્ષણ આપવું હોય તો આ જોગવાઈ રદ કરવી જ જોઈએ. | આ માટે કલમ-૪(૨) પડતી મૂકવી પડે. |
| **સહિયારા ઘરમાં રહેવાનો અધિકાર**<br>ભારત સરકારે રજૂ કરેલા ખરડામાં સહિયારા ઘરમાં રહેવાનો સ્ત્રીને અધિકાર આપવામાં આવ્યો નથી. | ઘરેલૂ હિંસા સાથે કોઈ પણ કાનૂનનો હેતુ ઘરની અંદર નજીકના ગાઢ સંબંધો ધરાવતા લોકો વચ્ચેની હિંસાને રોકવાનો છે. ઘર સ્ત્રીનું, સાસરા પક્ષનું કે તેના પતિનું હોઈ શકે છે અથવા ભાડાનું હોઈ શકે છે. એ જ ઘર ઘણી સ્ત્રીઓ માટે પોતાના પ્રત્યે હિંસા આચરનારું સ્થળ બની જાય છે. જે હિંસા આચરે છે તે સામાન્યતયા જાણે છે કે અસરગ્રસ્ત સ્ત્રી નબળી છે. તેથી તે તેને ઘરની બહાર ધકેલી દે છે. અથવા તેનું જીવન એટલું દુઃખદ બનાવી દે છે કે તેની પાસે એ ઘર છોડવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. તેથી સ્ત્રીને સહિયારા ઘરમાં રહેવાનો અધિકાર હોય એ જરૂરી છે. | કાયદામાં આથી સહિયારા ઘરમાં રહેવાના સ્ત્રીના અધિકારનો સમાવેશ થવો જ જોઈએ. કાયદાકીય જોગવાઈઓ સિવાય તેને ઘરની બહાર ધકેલી ના દઈ શકાય એ આવશ્યક છે, અથવા કુટુંબમાંથી બાકાત ન રખાય એ જરૂરી છે. જો સ્ત્રીને ઘરની બહાર ધકેલી દેવાય તો તેને ઘરની અંદર પ્રવેશવાનો અધિકાર હોવો જોઈએ. જો સ્ત્રીને ઘરની બહાર કાઢી મુકાય કે તેને ઘર ખાલી કરાવાય તો તેને રક્ષણ મળવું જોઈએ. |

## ઘરેલૂ હિંસા વિશેનો ખરડો

| સૂચિત ખરડાની જોગવાઈ | ફેરફાર માટેનું કારણ | સૂચન |
|---|---|---|
| **રક્ષણ માટેની જોગવાઈઓ**<br>આ ખરડામાં ઘરેલૂ હિંસા સાથે રક્ષણના સંદર્ભમાં જે જોગવાઈઓ કરાઈ છે તે આ મુજબ છે:<br>(૧) કોઈ પણ ઘરેલૂ હિંસક કૃત્ય કરતાં રોકતો હુકમ ન્યાયમૂર્તિ આપી શકે છે.<br>(૨) નાણાકીય રાહત ચૂકવવાનો હુકમ પણ ન્યાયમૂર્તિ કરી શકે છે.<br>(૩) અન્ય જે જરૂરી જણાય તે આદેશ ન્યાયમૂર્તિ આપી શકે છે. | ઘરેલૂ હિંસાને લગતો કાયદો એ તાકીદતાની કટોકટીની સ્થિતિને લગતા સ્વરૂપના કાયદા જેવો છે. તેનો હેતુ હિંસાથી તત્કાળ રાહત આપવાનો છે. જે જરૂરી હશે તે હુકમો કરાશે એમ કહેવું પૂરતું નથી. મોટા ભાગના ઘરેલૂ હિંસાના કિસ્સામાં સ્ત્રીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવતી હોય છે એ ખૂબ જ જાણીતી બાબત છે. તેથી અદાલતોને સ્ત્રીને રક્ષણ આપતા હુકમો આપવાની સત્તા હોવી જોઈએ. વળી, આ ખરડામાં અન્ય બાબતોના વિકલ્પે રાહત આપવાની જોગવાઈ છે, અન્ય રક્ષણાત્મક હુકમોની સાથે રાહત આપતો હુકમ કરી શકાતો નથી. સ્ત્રીઓનો અનુભવ એમ કહે છે કે તેમને અનેક પ્રકારની રાહતોની એકસાથે જરૂર હોય છે, કે જેથી તેઓ હિંસક પરિસ્થિતિનો સામનો કરી શકે. | આ સંદર્ભમાં નીચેના મુદ્દાઓ અગત્યના છે અને તેમનો સમાવેશ ખરડામાં થવો જોઈએ:<br>(૧) આરોપી વ્યક્તિને કૃત્યો કરતાં રોકવાનો આદેશ અપાય.<br>(૨) અસરગ્રસ્ત વ્યક્તિ જ્યાં વારંવાર જાય છે તેવા સ્થળે કે તેના નોકરીના સ્થળે આરોપીને પ્રવેશતાં રોકવાનો આદેશ અપાય.<br>(૩) અસરગ્રસ્ત વ્યક્તિ સાથે આરોપીને સંપર્ક કરતાં રોકવાનો આદેશ અપાય.<br>(૪) આરોપી અને અસરગ્રસ્ત વ્યક્તિઓ વ્યક્તિગત રીતે કે સંયુક્ત રીતે જે મિલકતો ધરાવતા હોય કે વાપરતા હોય તેનાથી અસરગ્રસ્તને હટાવવા સામે આદેશ અપાય.<br>(૫) અસરગ્રસ્તના આશ્રિતો, અન્ય સગાંઓ કે વ્યક્તિઓની સામે હિંસા આચરતાં રોકવાનો હુકમ કરાય.<br>(૬) આરોપીને અસરગ્રસ્તને નાણાકીય રાહત ચૂકવવાનો આદેશ આપી શકાય.<br>(૭) અસરગ્રસ્ત સ્ત્રી સહિયારા ઘરમાં જ રહે તેવો હુકમ પણ અદાલત આપી શકે.<br>(૮) કોઈ પણ બાળકની કામચલાઉ કસ્ટડી માટે પણ અદાલત હુકમ કરી શકે.<br>(૯) ઈજા બદલ નુકસાની કે વળતર આરોપી અસરગ્રસ્તને ચૂકવે તેવો હુકમ અદાલત આપી શકે. |
| **સલાહ**<br>ખરડામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે અદાલત આરોપીને અને અસરગ્રસ્ત વ્યક્તિને વ્યક્તિગત રીતે કે સંયુક્ત રીતે સલાહ (કાઉન્સેલ) આપનારા પાસે જવાનો અને સલાહ લેવાનો હુકમ કરી શકે છે. | વાસ્તવમાં આ જોગવાઈ સલાહ અંગેના તમામ સ્વીકૃત સિદ્ધાંતોથી વિરૂદ્ધની છે. અસરગ્રસ્ત અને હિંસા આચરનાર વ્યક્તિ અસમાન સ્થિતિમાં હોય છે અને તેથી સંયુક્ત સલાહ શક્ય જ નથી. સ્ત્રીને માટે સલાહ સ્વૈચ્છિક જ હોઈ શકે અને હોવી જોઈએ. ફરજિયાતપણું એ સજા છે અને તે હિંસાના અસરગ્રસ્ત પર લાદી શકાય નહિ. | માત્ર હિંસા આચરનાર માટે ફરજિયાત સલાહની જોગવાઈ ખરડાની કલમ-૧૧માં થવી જોઈએ. |

- લાજ, આબરૂ, ઈજ્જતનો બોજ માત્ર સ્ત્રીઓના જીવન ઉપર ન નાખીએ.
- બળાત્કારની ઘટનાને કાયદાકીય લડત દ્વારા ચોક્કસ લડીએ, પરંતુ સામાજિક રીતે તેને સ્ત્રીના ચારિત્ર્ય સાથે કે કુટુંબની માન-માર્યાદા સાથે ન જોડતાં, સ્ત્રીના શરીર સાથે થયેલ એક અકસ્માત માત્ર ગણીએ. તેનાથી સ્ત્રીને નૈતિક ટેકો મળી રહેશે. બળાત્કાર છેવટે તો પુરુષની સત્તા અને આધિપત્યનું બીભત્સ પ્રદર્શન છે.
- દીકરીનો ઉછેર સહનશીલતાની મૂર્તિ તરીકે નહીં પરંતુ અન્યાયનો વિરોધ કરી શકે તેવા દૃઢ મનોબળવાળી વ્યકિત તરીકે કરીએ કે જેથી તેનો આત્મવિશ્વાસ વધે.
- જાતીય શોષણના પ્રશ્ન અંગે ચિંતા કરવાની જવાબદારી માત્ર સ્ત્રીઓની જ ન બનાવીએ પરંતુ તે સમગ્ર સમાજની ચિંતાનો પ્રશ્ન બને તેવો પ્રયત્ન કરીએ.

સ્ત્રીને હંમેશાં એક શરીરના રૂપમાં જ જોવા ટેવાયેલા સમાજે એ તો સ્વીકારવું જ રહ્યું કે સ્ત્રી પાસે દેહ ઉપરાંત બુદ્ધિ અને હૃદય પણ છે, તેની પાસે તર્ક કરવાની આવડત છે. તેના આ ગુણોનો વિકાસ કરવાની તક તેને મળવી જ જોઈએ. જાતીય શોષણ કરનારાઓને સમાજમાં જાહેર કરીએ, જરૂર પડ્યે સ્ત્રી સંસ્થાઓ તેમ જ અન્યની મદદ અને માર્ગદર્શન મેળવીએ. લગભગ તમામ મોટાં શહેરો અને તાલુકાઓમાં આવી સંસ્થાઓ કાર્યરત છે, જ્યાં સંપૂર્ણ રીતે કેસની વિગતો ખાનગી રાખવામાં આવે છે.

## ઘરેલૂ હિંસા વિશેનો ખરડો

સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સ-યુએન)ની સામાન્ય સભાએ ડિસેમ્બર-૧૯૯૩માં મહિલાઓ પ્રત્યેની હિંસાના નિવારણ માટેની ઘોષણાનો એક ઠરાવ પસાર કર્યો તેનાં ૧૦ વર્ષ બાદ ભારતની સંસદમાં ઘરેલૂ હિંસા સામે રક્ષણ ખરડો ૨૦૦૨ના આરંભમાં ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. આ એક સાચી દિશાનું પગલું છે અને બળાત્કાર, અપમાન, ખૂન, અપહરણ, ભૃણહત્યા તથા દહેજના લીધે મૃત્યુ જેવા અત્યાચારોનો ભોગ બનતી સ્ત્રીઓને રક્ષણ આપવામાં તે મહત્ત્વની ભૂમિકા ભજવશે.

સ્ત્રીઓ સામેના ગુનાઓ બમણી રીતે ઘાતક છે. સ્ત્રીઓ સામેના ગુનાઓ કંઈ ઘરની બહાર જ આચરાય છે એવું નથી. કહેવાતા સલામત અને પ્રેમાળ ઘરની અંદર પણ આવા ગુનાઓ આચરાય છે. 'રાષ્ટ્રીય ગુના નોંધ કચેરી' (નેશનલ ક્રાઈમ રેકોર્ડ્ઝ બ્યુરો - એનસીઆરબી) દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર દેશમાં ૧૯૯૯માં પત્ની પ્રત્યે ઘાતકીપણાના ૪૩,૮૨૩ ગુના નોંધાયા છે અને ૬,૬૯૯ દહેજ મૃત્યુ નોંધાયાં છે. જે ૧,૪૨,૫૭૫ કેસ ચાલ્યા તેમાંથી ૧૪,૫૫૬ કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા છે, જયારે માત્ર ૩,૪૧૬ કેસમાં જ આરોપીઓને સજા થઈ છે. બાકીના કેસ હજુ ચાલે છે.

આ આંકડા હિમશિલાની તો માત્ર ટોચ જ દર્શાવે છે. એ વધારે વ્યાપક છે અને અનેક કેસો તો બહાર આવતા જ નથી. જો કેસ બહાર આવે છે તો તે નોંધાતા જ નથી. અને જો કેસ નોંધાય છે તો અદાલતો તેને ખોટા દાવા કે અતિશયોક્તિવાળા દાવા તરીકે કાઢી નાખે છે અથવા તો પુરુષને ઉશ્કેરવા બદલ દોષનો ટોપલો સ્ત્રી પર જ ઢોળવામાં આવે છે. ઘણી વાર તો સ્ત્રી પોતે અથવા સ્ત્રીનાં સંગાંઓ જૂઠું બોલે છે એમ પણ કહેવામાં આવે છે.

## રાષ્ટ્રીય જાતીય સતામણી હેલ્પલાઈન

વિશાખા વિરુદ્ધ રાજસ્થાન સરકારના કેસમાં ઓગસ્ટ-૧૯૯૭માં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાને સરળ શબ્દોમાં સમજાવતી વિગતો રાષ્ટ્રીય જાતીય સતામણી હેલ્પલાઈન દ્વારા રજૂ કરવામાં આવી છે. આ રજૂઆત નીચે મુજબ છેઃ

### જાતીય સતામણી શું છે?

માર્ગરેખાઓમાં અપાયેલી વ્યાખ્યા અનુસાર - જાતીય સતામણીમાં આવકાર્ય ન હોય તેવા જાતીય વર્તનનો સમાવેશ થાય છેઃ

- શારીરિક સંપર્ક.
- જાતીય વર્તન માટેની માગણી કે વિનંતી.
- જાતીયતાસભર વાતચીત.
- અભદ્ર સાહિત્યનું પ્રદર્શન.
- જાતીય સ્વરૂપનું આવકાર્ય ન હોય તેવું કોઈ પણ શારીરિક, મૌખિક કે બિનમૌખિક વર્તન.

### માર્ગરેખાઓ કોને લાગુ પડે?

માલિક અથવા કામના સ્થળે અન્ય જવાબદાર વ્યકિતઓ કે અન્ય સંસ્થાઓની એ ફરજ છે કે તેઓ જાતીય સતામણી થતી રોકે અને ફરિયાદોના ઉકેલ માટેની કાર્યવાહી ઊભી કરે. જે સ્ત્રીઓ નિયમિત પગાર લે છે કે માનદ્ વેતન લે છે કે સ્વૈચ્છિકપણે સરકાર, ખાનગી ક્ષેત્ર અથવા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે તેમને આ માર્ગરેખાઓ લાગુ પડે છે.

### જાતીય સતામણી થતી રોકવાનાં પગલાં

- જાતીય સતામણી પર પ્રતિબંધ જાહેર કરવો અને તેનો પ્રચાર કરવો.
- સરકાર તથા જાહેર ક્ષેત્રની સંસ્થાઓનાં નિયમો અને નિયમનોમાં

જાતીય સતામણી પરના પ્રતિબંધનો સમાવેશ કરવો.

- ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) ધારો - ૧૯૪૬ અન્વયે જાતીય સતામણી ઉપરના પ્રતિબંધનો ખાનગી માલિકોએ તેમના સ્થાયી હુકમોમાં સમાવેશ કરવો.
- કામ, આરામ, આરોગ્ય અને સફાઈની યોગ્ય સ્થિતિ પૂરી પાડવી કે જેથી કામના સ્થળે સ્ત્રીઓ પ્રત્યે ખરાબ વાતાવરણ ઊભું ન થાય અને કોઈ પણ સ્ત્રી કામદાર કે કર્મચારીને એવું માનવાનાં વાજબી કારણો ન મળવાં જોઈએ કે તેને તે સ્ત્રી હોવાને કારણે જ ગેરલાભ થઈ રહ્યો છે.

### ફરિયાદની કાર્યવાહી

- માલિકોએ એક ફરિયાદ સમિતિની રચના કરવી. તેના વડા સ્ત્રી હોય અને તેના અડધા કરતાં ઓછા નહિ તેટલા સભ્યો સ્ત્રીઓ હોય.
- જાતીય સતામણીના પ્રશ્ને કામ કરતી કોઈક સ્વૈચ્છિક સંસ્થાનો સમાવેશ આ ફરિયાદ સમિતિમાં કરવો જોઈએ.
- ફરિયાદ અંગેની કાર્યવાહી સમયબદ્ધ હોવી જોઈએ.
- ફરિયાદ અંગેની કાર્યવાહી ખાનગી રખાવી જોઈએ.
- ફરિયાદીઓ અથવા સાક્ષીઓને માટે મુસીબતો ઊભી ના થવી જોઈએ અથવા તેમની સામે ભેદભાવપૂર્ણ વર્તન ના થવું જોઈએ.
- સમિતિએ ફરિયાદો અને તેને આધારે લેવાયેલાં પગલાં વિશે વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઈએ.

### શિસ્તભંગનાં પગલાં

- નોકરીના નિયમો હેઠળ જ્યારે ગુનો એ ગેરવર્તન બનતો હોય ત્યારે શિસ્તભંગનાં પગલાં લેવાં જોઈએ.
- જ્યારે આવું વર્તન ભારતીય દંડ સંહિતા (આઈપીસી) અન્વયે ગુનો બનતું હોય ત્યારે કર્મચારી યોગ્ય સત્તાધિકારી સમક્ષ ફરિયાદ કરવાનું પગલું ભરી શકે છે.
- જાતીય સતામણીનો ભોગ બનનાર વ્યકિતને પોતાની કે સતામણી કરનારની બદલી માગવાનો વિકલ્પ હોવો જોઈએ.

### અન્ય જોગવાઈઓ

- કર્મચારીઓની બેઠકોમાં, માલિકો અને કર્મચારીઓની બેઠકોમાં અને અન્ય યોગ્ય સ્થળોએ જાતીય સતામણીની ચર્ચા થવી જ જોઈએ.
- મહિલા કર્મચારીઓના અધિકારો વિશે જાગૃતિ પ્રસરાવવા માર્ગરેખાઓ નક્કી થવી જ જોઈએ.
- બહારના લોકો દ્વારા જેમની જાતીય સતામણી થઈ હોય તેમને માલિકોએ મદદ કરવી જોઈએ.
- કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ખાનગી માલિકો પણ માર્ગરેખાઓનો અમલ કરે તે માટેના કાયદા સહિતનાં પગલાં લેવાં જ જોઈએ.
- સર્વોચ્ચ અદાલતની આ માર્ગરેખાઓનું પાલન કરવાનું કાનૂની રીતે ફરજિયાત છે.

### માલિકની જવાબદારીઓ

- જાતીય સતામણીને ગંભીર ગુનો ગણો. જાતીય સતામણીને ગેરવર્તણૂક ગણવા માટે સ્થાયી હુકમોમાં સુધારો કરો.
- કંપની, કારખાનું કે સંસ્થાની કામના સ્થળે જાતીય સતામણી રોકવાની જવાબદારી છે એ સમજો.
- કર્મચારીઓ કે સંચાલકો દ્વારા જાતીય સતામણી થાય તો તે કંપનીની, કારખાનાની કે સંસ્થાની જવાબદારી છે તેમ સમજો. ઉપરી અધિકારીઓ દ્વારા થતી જાતીય સતામણીની પોતાને કશી ખબર નથી એમ કહીને માલિકો છટકી જઈ શકે નહિ.
- જાતીય સતામણી વિરોધી નીતિ ઘડો. સર્વોચ્ચ અદાલતે વિશાખા વિરુદ્ધ રાજસ્થાન સરકારના કેસમાં આપેલા અન્વયે દરેક માલિક માટે જાતીય સતામણી વિરુદ્ધ નીતિ ઘડવી ફરજિયાત છે. એ ન ઘડાય તો તે અદાલતનો અનાદર ગણાય. આ નીતિમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાયઃ
- ગેરકાનૂની ભેદભાવ અને સતામણીથી મુક્ત એવા કામના સ્થળ પ્રત્યે માલિકની પ્રતિબદ્ધતા.
- જાતીય સતામણીની ઉદાહરણો સાથે વ્યાખ્યા, અને તેને ગુનો ગણી તેના પર પ્રતિબંધ.
- કોઈ સ્ત્રીના વડપણ હેઠળ ફરિયાદ સમિતિની રચના. તેમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યો સ્ત્રીઓ જ હોય. તે જાતીય સતામણીના કિસ્સાની તપાસ કરે. કર્મચારીઓ કે કામદારોના તમામ વર્ગોનું તેમાં પ્રતિનિધિત્વ હોય. સંપર્ક માટે વ્યકિતઓના નામ અને ફોન નંબર યોગ્ય રીતે દેખાય તેવાં સ્થળોએ મૂકવાં.
- ફરિયાદોના ઉકેલ માટે સમયબદ્ધ કાર્યવાહી. તે સ્વૈચ્છિક અને અનૌપચારિક રીતે પ્રશ્નોનો ઉકેલ આણે. ફરિયાદ અને તપાસના દસ્તાવેજો બરાબર જળવાય.
- આ કાર્યવાહીમાં એનું ધ્યાન રખાય કે ઔપચારિક વિધિવત્ ફરિયાદ નોંધાવાય તે અગાઉ કર્મચારીઓ રાહ જોઈ શકે છે.
- અસરગ્રસ્તની વાત ખાનગી જ રહેવી જ જોઈએ.
- ફરિયાદ કરનાર સામે ફરિયાદનું પરિણામ ગમે તે આવે તોય તેની સામે બદલો નહિ લેવામાં આવે એવી સ્પષ્ટ બાંયધરી આપવી.
- તપાસ પછી સતામણી માટે જે પણ દોષિત ઠરશે તેની સામે શિસ્તભંગનાં પગલાં લેવાશે અને જ્યાં યોગ્ય હશે ત્યાં તેને બરતરફ કરાશે એવું નિવેદન જરૂરી છે.

- ગુનેગાર સામે ચેતવણીથી માંડીને બરતરફી સુધીની કઈ સજા ફરિયાદ સમિતિ લાદી શકે તે નક્કી કરવું.
- નીતિ જાહેર કરો અને કામની જગ્યાએ અનેક સ્થળે તેની નકલો મળે તે જુઓ. તમામ નવી કર્મચારીઓ સાથે તેની ચર્ચા કરો. વસ્તુઓ પૂરી પાડનારા અને ગ્રાહકો પણ તમારી નીતિ જાણતા હોય તે જરૂરી છે.
- તમામ કર્મચારીઓ માટે જાતીય સતામણી અંગે સમાયાંતરે જાગૃતિ શિબિરો ગોઠવતા રહો.

**કર્મચારીઓની જવાબદારી**

- તમે તમારી જાતને દોષિત ન ઠરાવો. જાતીય સતામણી એ તમારી સામે આચરાયેલો ગુનો છે. તેથી તે તમારો દેષ નથી.
- જાતીય સતામણીને એવી આશા સાથે અવગણો નહિ કે એ આપોઆપ અદૃશ્ય થઈ જશે. એવું નહિ થાય. જ્યારે સ્ત્રીઓ જાતીય સતામણીને અવગણે છે ત્યારે ઘણી વાર તેને સંમતિ સમજવામાં આવે છે. સ્પષ્ટપણે ના પાડો. સતામણી કરનારને પડકારો. જો તમે જાતીય સતામણીનો ભોગ બન્યા હોવ કે તમે તેના સાક્ષી બન્યા હોવ તો સતામણી કરનારનો તમે સામનો કરો એ અગત્યનું છે. સતામણીને રોકવાનો એ સૌથી અસરકારક રસ્તો જણાયો છે.
- અન્યો સાથે વાતચીત કરો. કદાચ તમને જ માત્ર સતામણી કરતી હોય એવું ન પણ બને. સતામણી કરનારા મોટા ભાગના લોકો વારંવાર સતામણી કરતા હોય છે. બીજાને કહી દેવાની ધમકી આપો અથવા ખરેખર બીજાને કહો તો તે પણ સતામણી રોકવાનો બીજો અસરકારક રસ્તો છે.
- જાતીય સતામણીની નોંધ. એક નોટબૂક લો. તેના પૂંઠા પર જ જાતીય સતામણી એવું લખો. જ્યારે પણ સતામણી થાય ત્યારે નોટબૂક લો અને તેમાં લખો કે શું થયું. તારીખ, સમય, સ્થળ, સાક્ષીઓ અને તમે આપેલો પ્રતિભાવ વગેરે લખો. આ બધી વિગતોને થોડા મહિના પછી યાદ કરવાનું ઘણી વાર જરૂરી બની જતું હોય છે. જાતીય સતામણી અંગે સંશોધનની યોજનામાં આ નોટબૂક ઉપયોગી છે. કોઈક જૂથ પણ તે કામ હાથ ધરી શકે છે.
- વર્તનનું વર્ણન "એ શબ્દો સ્ત્રીઓ માટે અપમાનજનક છે, એ બિનવ્યવસાયી છે અને સંભવતઃ જાતીય સતામણી છે. એ વર્તન બંધ થવું જ જોઈએ." "કે આ તમે ત્રીજી વાર મારી ફરતે હાથ મૂક્યો. મને એ ગમતું નથી, અને તમે હવે એ કરો એમ હું ઈચ્છતી નથી."
- સતામણી કરનારને કાગળ લખો. આ પદ્ધતિ જાતીય સતામણીના કિસ્સામાં તેમ જ વ્યકિતઓ વચ્ચેના અન્ય ઝઘડાઓમાં ભારે સફળતાને વરી છે. આ પત્ર ત્રણ ભાગમાં હોય. પ્રથમ જે કંઈ બન્યું તેની હકીકતનું વર્ણન કરો. પછી પોતાને શું લાગણી થઈ તે કશાય મૂલ્યાંકન વિના લખો. છેલ્લે શું થવું જોઈએ તે લખો - "હું ઈચ્છું છું કે આવું વર્તન તત્કાળ બંધ થાય." આવો પત્ર રજિસ્ટર્ડ પોસ્ટથી લખો.
- બનાવના સાક્ષી ઊભા કરો. વિશ્વાસુ સાથીને માહિતગાર કરો અને તમને જ્યાં જાતીય સતામણી થતી હોય ત્યાં તે સાક્ષી બને તે જુઓ. તમે જો પછીથી ફરિયાદ કરવાનું પસંદ કરશો તો તે તમને ઉપયોગી થશે.
- વિલંબ ટાળો. તમે અગાઉ અમુક વર્તન સામે વાંધો નથી ઉઠાવ્યો તેથી તમે ફરી પણ વાંધો ના ઉઠાવી શકો એવું નથી. વળી, ભૂતકાળમાં તમે જે વર્તનની અવગણના કરી હોય તે પણ જાતીય સતામણી હોઈ શકે છે.
- માલિક જાતીય સતામણી વિરોધી નીતિ ઘડે અને ઉપર મુજબનાં પગલાં ભરે તે જુઓ.
- જે વ્યકિત તમારી સાથે ખરાબ વર્તન કરતી હોય તેને એ નીતિ જરૂરી બાબતો નીચે લીટી દોરીને મોકલી આપો.
- તમે જો મજૂર મંડળના સભ્ય હોવ તો તમે તમારા પ્રતિનિધિ સાથે વાત કરો અથવા તમારા કામના સ્થળે આ અંગેનું કામ જેને સોંપવામાં આવ્યું હોય તેની સાથે વાત કરો. પરિસ્થિતિનો સામનો ઔપચારિક કે અનૌપચારિક રીતે કેવી રીતે કરવો તેને વિશેની વિગતો એ વ્યકિત પાસે હોવી જાઈએ.
- ફરિયાદ નોંધાવો. ઉપર જણાયેલી અનૌપચારિક પદ્ધતિઓથી પણ જો સતામણી અટકે નહિ તો તમે ફરિયાદ નોંધાવો. સામાન્ય રીતે તે કોઈ સંસ્થાની અંદર પણ કરી શકાય છે. જો કોઈ પગલાં ન લેવાય તો યોગ્ય સરકારી સંસ્થાને ફરિયાદ કરો, અથવા બીજાં કયાં ઔપચારિક પગલાં લઈ શકાય તેમ છે તે તપાસો.

## ઘરેલૂ હિંસા

ઘરેલૂ હિંસાને ઘરમાંના સત્તાના સંબંધો અને સત્તાના દુરુપયોગ સાથે સંબંધ છે. સ્ત્રી પર અંકુશ મેળવવા માટે ઘરની જ કોઈક વ્યકિત કે વ્યકિતઓ તે હિંસા આચરે છે. ભારતમાં આવા મોટા ભાગના ગુનાઓ પુરુષો દ્વારા થાય છે. જો કે, આપણે એ હકીકત પણ સ્વીકારવી જોઈએ કે સ્ત્રીઓ પણ સ્ત્રીઓ સામે ગુના આચરતી હોય છે. જ્યારે સ્ત્રીઓને ઘરમાં જ સ્વતંત્રતાનો અધિકાર હોતો નથી ત્યારે તેમની મોતથીય બદતર હાલત થાય છે. મોટા ભાગની પરણિત ભારતીય સ્ત્રીઓને તેમની પોતાની જિંદગી વિશે સ્વતંત્રતા હોતી નથી. ઘરેલૂ બાબતોમાં મોટા ભાગની સ્ત્રીઓને બાકાત રાખવામાં આવે છે. સ્ત્રીએ પોતાના કોઈ સગાને કે મિત્રને મળવા માટે ઘરની બહાર જવું હોય તો તેણે પોતાના પતિની કે સાસરિયાની પરવાનગી લેવી પડે છે. ઉત્તર પ્રદેશમાં ૯૦ ટકા સ્ત્રીઓની આ હાલત છે તો બિહાર,

મધ્ય પ્રદેશ, હરિયાણા અને આંધ્ર પ્રદેશમાં ૮૦ ટકા સ્ત્રીઓની આ હાલત છે. બજારમાં જવા માટે પણ તેમણે પરવાનગી લેવી પડે છે. ભારતમાં એક સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દિવાલોની અંદર છે અને તેથી એ ખાનગી છે અને તેથી રાજ્યના કાર્યક્ષેત્રની બહાર છે એમ સમજવામાં આવતું રહ્યું છે. આમ, સ્ત્રીને એક જાડો પડદો કાયદાથી અલગ કરે છે. આખી વ્યવસ્થામાં આ ખોટો મત વ્યાપ્ત છે અને કુટુંબ અથવા લગ્ન પદ્ધતિસરની અસમાનતાનાં ધોરણો પર આધારિત છે એની વાસ્તવિકતાને જ નકારે છે. પિયરમાં કે સાસરામાં સ્ત્રીને માટે કોઈ સામાજિક સલામતી નથી. પિતા છોકરીને તેની મનગમતી વ્યકિત સાથે પરણતાં રોકે છે, ભાઈઓ બહેનોને મિલકતના અધિકારો આપતા નથી, મા-બાપ દીકરીઓને ગળાનો ફંદો ફગાવી દેવાનું પ્રોત્સાહન આપવાને બદલે દુ:ખદ સંબંધોમાં પાછી ધકેલે છે. ઘરની બહાર ધકેલાતી સ્ત્રીઓ પણ શોષણનો ભોગ બને છે. નિરાધાર સ્ત્રીઓ માટેનાં આશ્રયસ્થાનો તેમને ખરો આશ્રય આપતાં જ નથી. આ આશ્રયસ્થાનો જેલ જેવાં છે. ત્યાં પણ જાતીય શોષણ વ્યાપક છે. ઘરેલૂ હિંસામાં સ્ત્રીઓ પ્રત્યે આચરાતી તમામ પ્રકારની હિંસાનો સમાવેશ થાય છેઃ શારીરિક, માનસિક, જાતીય, આર્થિક, સંવેદનાત્મક અને મૌખિક. તેમાં પાયાની જરૂરિયાતો પૂરી પાડવાના ઇન્કારનો, બાળકો સાથે સંબંધ હોય તેવા લાગણીના બ્લેકમેઈલનો અને સાસરામાંથી કાઢી મૂકવાની ધમકીનો પણ સમાવેશ થાય છે. સામાન્યતયા સ્ત્રીને એક વ્યકિત તરીકેના અધિકારો આપવાનો ઈન્કાર કરવામાં આવે તે ઘરેલૂ હિંસા છે.

ભારતમાં ઘરેલૂ હિંસાનાં અનેક પાસાં છે. પતિ-પત્ની વચ્ચેની હિંસા ઉપરાંત, બાળકો વચ્ચેની હિંસા, બાળકોનું જાતીય શોષણ, ઘરના અન્ય સભ્યો વચ્ચેની હિંસા વગેરે. દહેજ સાથે સંબંધિત હિંસા એ તો ભારતીય સમાજનું એક આગવું પાસું છે, તે સૌ સમાજોને લાગુ પડે છે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કે ધાર્મિક તમામ ભેદભાવો છતાં તે બધાને લાગુ પડતું પાસું છે. બધા જ વર્ગો, જ્ઞાતિઓ કે જાતિઓને તે લાગુ પડે છે.

પુરુષની દૃષ્ટિએ જોઈએ તો છૂટાછેડા એક વિકલ્પ છે. પરંતુ સ્ત્રીને તે માટે કે તેવા કિસ્સામાં કોઈ ભૌતિક કે માનસિક ટેકો પૂરો પાડવામાં આવતો નથી. મોટે ભાગે તો તેને એમ જ છોડી દેવામાં આવે છે. પોતાનું ભરણપોષણ કરવા માટે તેની પાસે કશું જ હોતું નથી. જો સ્ત્રી તેને માટે હિંમત કરે અને કાયદાનો આશરો લે તો તેને ઘર ભાંગનાર અથવા ગુનેગાર ગણવામાં આવે છે. આવા સંજોગોમાં સ્ત્રી-પુરુષ સમાનતા ભાગ્યે જ ઊભી થઈ શકે છે.

## પૃષ્ઠ ૨૪નું શેષ

(૪) બાળકો ધરાવતી વિધવાઓને માટે ઘોડિયાં ઘરની સેવા પૂરી પાડવી. અવૈધિક શિક્ષણનાં કેન્દ્રો શરૂ કરવાં.
(૫) જીવનનિર્વાહ પૂરો પાડવા માટેની વ્યૂહરચનાઓ ઘડવા માટે સજ્જ એવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે નેટવર્ક ઊભું કરવું.
(૬) સાહસિકો અને સહકારી મંડળીઓને ટેકો પૂરો પાડવો.
(૭) મહિલાઓનું નેતૃત્વ ઊભું થાય અને બિનપરંપરાગત કૌશલ્ય વિકસે તેના પર ધ્યાન આપવું.

### આવાસ

એકાકી સ્ત્રીઓને શક્ય તેટલાં વહેલાં સલામત ઘર આપવાનું ખૂબ જરૂરી છે. આપત્તિ પછી તેમના પર શારીરિક અને જાતીય હુમલા વધી જતા હોય છે. ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં પણ આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થયાના દાખલા નોંધાયા છે. તેમને તબીબી સંભાળ પણ જરૂરી છે. ઘણી વાર સ્ત્રીઓને પુરુષો જેટલી તબીબી સારવાર પણ નથી મળતી. આવાસ પૂરાં પાડવામાં એકાકી સ્ત્રીઓ, સમાજના છેવાડે ફેંકાયેલા વર્ગો અને વિકલાંગો પ્રત્યે વિશેષ ધ્યાન અપાયું. જ્યાં સ્ત્રી એકલી જ હોય ત્યાં તેને નામે ઘર બંધાયું છે અથવા પતિ-પત્ની બંનેના નામે ઘર બંધાયું છે.

## ઉપસંહાર

બાળકો અને સ્ત્રીઓ આપત્તિ સમયે વધારે નિર્બળ બને છે તેથી આપત્તિ સંચાલનમાં આપત્તિ નિવારણ અને ચિરંતન વિકાસ પર ધ્યાન અપાવું જોઈએ. તો જ અસમાનતાના મૂળ કારણ પર હુમલો કરી શકાશે. આપત્તિ સૌને અસરગ્રસ્ત બનાવે છે પણ બધા પર જુદી જુદી અસર થાય છે. સ્ત્રીઓ અને પુરુષોની જરૂરિયાત પણ જુદી જુદી હોય છે. કોઈ પણ નિર્ણય લેતી વખતે એકાકી સ્ત્રીને ધ્યાનમાં રખાય તે જરૂરી છે. તેનાથી તેને શું અસર થશે કે મદદ મળશે તે ધ્યાનમાં રાખવું જોઈએ. સમય પસાર થતો જાય છે અને મદદ ઓછી થતી જાય છે તેમ તેમ પુનર્વસનની સમસ્યા જટિલ બનતી જાય છે.

જૂથ ચર્ચા દરમ્યાન અમને જાણવા મળ્યું કે સમુદાયની અંદર જ અસરગ્રસ્તોને ટેકો આપવાની વ્યવસ્થા હોય છે. સીતારામપુરમાં વાઘરી અને મુસ્લિમ સ્ત્રીઓએ એકબીજાને ટેકો આપ્યો હતો. તેઓ બાળકોની કાળજી રાખતાં હતાં. તેમનાં તમામનાં કુટુંબો મહિલાઓના નેતૃત્વવાળાં કુટુંબો છે. વૃદ્ધ વિધવાઓને પુત્રો અને વહુઓ ધમકીઓ આપે છે અને મિલકત લઈ લેવાની ધમકીઓ અપાય છે. આથી વિધવાઓ વધારે નિર્બળ છે. રાહત અને પુનર્વસનની સામગ્રી કેટલી સમાન રીતે વહેંચાય છે તે મહત્ત્વનું છે.

# મહિલાઓની પજવણી અને નારીવાદ

મહિલાઓની પજવણી વિશે વ્યાપક અહેવાલો લગભગ રોજેરોજ વાંચવા-જોવા મળતા હોય છે. મહિલાઓની સ્થિતિ સુધારવા માટે નારીવાદનું આંદોલન એક પ્રકારે વૈચારિક ભૂમિકા ઊભી કરે છે. આ બંને વિશેનાં મંતવ્યો અહીં રજૂ કરાયાં છે.

## મહિલાઓ દ્વારા સંગઠિત સંઘર્ષની જરૂરઃ શ્રી વિનોદકુમાર યાદવ

૨૧ મી સદીની શરૂઆતમાં આપણા સમાજમાં મહિલાઓના થતા શોષણથી અને મહિલાઓ પર વધતા જતા અત્યાચારોથી ત્રસ્ત બનીને મહિલાઓએ આંદોલનો કર્યાં છે, મહિલા સંગઠનો બન્યાં છે અને મહિલાઓના શોષણની વિરુદ્ધ રાજકીય પ્રયાસો પણ થયા છે. આ આંદોલનોને પૂરતું સમર્થન પણ મળ્યું પરંતુ સામાજિક જાગૃતિ અને રાજકીય પ્રયાસો થયા હોવા છતાં પણ મહિલાઓનું શોષણ ચાલુ જ છે. આજે તમામ પરિવારોમાં બંધનને કારણે પ્રતિભાઓ કુંઠિત થઈ રહી છે. મહિલાઓનું દરેક જગ્યાએ શોષણ અને અપમાન થઈ રહ્યું છે. પરંતુ એની પાછળ મહિલાઓની વિશેષ ભૂમિકા રહી છે અને તે ચિંતાનો વિષય છે. આજે જો કોઈ મહિલા ગર્ભવતી થાય તો એની સાસુ એવું ઈચ્છે કે એને જન્મનારું બાળક છોકરો જ હોય. જો છોકરી જન્મે છે તો મહિલાને મહેણાં મારવામાં આવે છે.

આજે સમાજમાં એવો ભ્રમ પેદા થયો છે કે કેવળ છોકરો જ બધું કામ ચલાવી શકે. છોકરીને પેદા થતાં પહેલાં જ મારી નાખવામાં આવે છે. ભ્રૂણ પરીક્ષણ કરાવીને જોઈ લેવામાં આવે છે કે છોકરો છે કે છોકરી. છેલ્લા આંકડા બતાવે છે કે ૧૯૭૮થી ૧૯૯૩ દરમ્યાન ભ્રૂણ પરીક્ષણ કરાવીને દેશમાં સરેરાશ ૧ લાખ ૭૮ હજાર બાળકીઓને આ દુનિયામાં પગ મૂકતાં પહેલાં જ મારી નાખવામાં આવી હતી. ભ્રૂણ હત્યાની સૌથી વધારે અસર સ્ત્રી-પુરુષની સંખ્યાના પ્રમાણ પર પડે છે. ઉદાહરણ તરીકે આપણે મધ્ય પ્રદેશને લઈએ તો, વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે હોશંગાબાદમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ૧૦૦૦:૮૯૮નું હતું. આખા મધ્ય પ્રદેશમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ૧૦૦૦:૯૨૦ છે.

### મહિલાઓનું બેફામ શોષણ

દરેક ક્ષેત્રે મહિલાઓ શોષણની બલિ બની રહી છે, પછી ભલે તે મહિલાઓ ઘરની ચાર દિવાલોમાં રહેતી હોય કે બહાર. દરેક જગ્યાએ જે શોષણ સામે અવાજ ઉઠાવે છે, એમનું મોઢું બંધ કરી દેવામાં આવે છે. રાજસ્થાનના એક ગામમાં ૧૯૯૨માં ભંવરીદેવીએ બાળવિવાહ સામે વિરોધનો અવાજ કાઢ્યો હતો તો ઉચ્ચ જાતિના લોકોએ તેના પર સામૂહિક બળાત્કાર કર્યો અને હજુ સુધી આ પ્રકરણ રાજસ્થાન ઉચ્ચ ન્યાયાલયમાં વિચારાધીન છે. મહિલાઓ પર થતો બળાત્કાર એ સૌથી ઘોર અપરાધ માનવામાં આવે છે, કોઈ પણ મહિલા પર બળાત્કાર કરવો અને એને જાનથી મારી નાખવાની ધમકી આપવી એ જાણે સામાન્ય વાત બની ગઈ છે. મહિલા ભલે વિવાહિત હોય કે અવિવાહિત, ઘરમાં હોય કે બહાર, ચારે બાજુ જાતીય શોષણનો ભોગ બનતી રહે છે. દરરોજ વર્તમાનપત્રોમાં વાંચવા મળે છે કે પિતાએ પુત્રી પર કે કાકાએ ભત્રીજી પર કે દૂરના ભાઈએ બહેન પર બળાત્કાર કર્યો. આનો અર્થ એ કે ઘરમાં પણ સ્ત્રીઓ સુરક્ષિત નથી અને બહાર પણ નથી. એ રીતે મહિલાઓ પર થતા બળાત્કારોની સંખ્યા વધતી જ જાય છે.

મધ્ય પ્રદેશમાં જ ૧૯૯૩થી ૧૯૯૮ દરમ્યાન પ્રતિ વર્ષ અનુક્રમે બળાત્કારના ૩૨૭૬, ૩૨૨૫, ૩૧૧૧, ૨૩૪૫ અને ૨૧૮૭ કેસ નોંધાયા છે. એ જ રીતે ૧૯૯૧થી ૧૯૯૩ દરમ્યાન ૨૫૩૨ અને ૨૯૫૮ મહિલાઓ પરના બળાત્કારની ઘટનાઓ ઘટી છે. ૧૯૯૯ અને ૨૦૦૦માં ૨૬૨૩ અને ૨૭૪૯ બળાત્કારના પ્રસંગ નોંધાયા. આ રીતે મધ્ય પ્રદેશમાં રોજ ૭-૮ સ્ત્રીઓ દુષ્કૃત્યનો શિકાર થાય છે. જો આખા દેશના સ્તરે જોવામાં આવે તો ૧૯૯૦થી ૧૯૯૫ વચ્ચે ૬૬,૨૨૦ બળાત્કાર થયા છે. ગૃહ મંત્રાલયના ગુના નોંધણી બ્યુરો અનુસાર ભારતમાં દર ૪૭ મિનિટમાં એક બળાત્કાર, દર ૪૪ મિનિટમાં એક સ્ત્રીનું અપહરણ, દર ૩૬ મિનિટમાં એક સ્ત્રીની ઇજ્જત સાથે છેડછાડ કરવામાં આવે છે. ૧૯૯૭-૯૮માં ક્રમશઃ ૭૨૬ અને ૭૬૭ મહિલાઓની હત્યાઓ થઈ; ૩૨૨, ૩૪૬ મહિલાઓની હત્યાના પ્રયાસો થયા, ૮૦૧૫ અને ૮૮૮૯ મહિલાઓની જાતીય પજવણી થઈ. મહિલાઓ પર થતા જુલમોનું એક ભયાનક રૂપ દહેજ પ્રથા છે, જેમાં છોકરીની સાથે માતા-પિતા પર પણ જુલમ થાય છે. સાસરિયાં દહેજ માટે એટલો બધો ત્રાસ આપે કે તેને કારણે ગળે ફાંસો ખાઈને પોતાની જીવન લીલા સમાપ્ત કરી નાખવી એ જાણે એક સામાન્ય બાબત બની ગઈ છે. નરી આંખે જોઈએ તો દહેજના જુલમનું એક વિકરાળ સ્વરૂપ દેખાય છે રાષ્ટ્રીય મહિલા આયોગ ના અધિકૃત આંકડાઓમાં. એ આંકડા અનુસાર

દેશમાં રોજ અસંખ્ય મહિલાઓ દહેજની બલિ બને છે. દર બીજા કલાકે દહેજના કારણે એક મહિલાનું મોત થાય છે. દહેજનો ત્રાસ ભારતની બહાર પણ પહોંચી ગયો છે. બાંગ્લાદેશમાં મહિલા અધિકારો માટે બિનસરકારી સંગઠન 'નારી પક્ષ'ના જણાવ્યા પ્રમાણે ગયા વર્ષે લગભગ ૭૫૦ મહિલાઓની દહેજના કારણે હત્યા થઈ અને ૨૨૫થી વધારે મહિલાઓએ સાસરિયાની યાતનામાંથી છૂટવા આત્મહત્યા કરી લીધી.

### બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન

શ્રમ, શિક્ષણ, રાજનીતિમાં જ્યાં પણ મહિલાઓ છે ત્યાં એમનું શોષણ થાય છે. મહિલાઓ સાથે જે કંઈ થઈ રહ્યું છે તે બંધારણની જોગવાઈથી ઊલટું જ થઈ રહ્યું છે. કારણ કે કોઈ પણ વ્યક્તિ સાથે લિંગ કે જાતિ કે વર્ગને આધારે ભેદ ન કરવાની વાત બંધારણમાં કરવામાં આવી છે. પરંતુ મહિલાઓની સાથે બંધારણના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. મહિલાઓની શક્તિ જોઈને એના પર અંકુશ જ્યારથી મુકાતો થયો તે આજે પણ ચાલુ જ છે, મહિલાઓને અધિકાર તો આપ્યા પણ બધું માત્ર કહેવા માટે. વાસ્તવિકતા કંઈ બીજી જ છે. પંચાયતમાં શું બધી મહિલાઓ પોતાનું કાર્ય સ્વતંત્ર રૂપે કરી શકે છે? જ્યાં નજર કરીએ ત્યાં મહિલાઓની પજવણી જ થતી દેખાય છે. ક્યારે અટકશે મહિલાઓની પજવણીનો આ સિલસિલો? શું ભારતના આ પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓને કદી સ્વતંત્રતા-મુક્તિ મળશે? જે રીતે આજે સ્ત્રી-પરુષના અધિકારોનો જંગ છેડવામાં આવ્યો છે, તેમાં કોઈના પણ વિકાસનો સંભવ નથી. પુરુષો ક્યારેય સ્ત્રીઓને સ્વતંત્રતા નહિ આપે. સ્ત્રીઓ પોતાની ઇચ્છાશક્તિના બળે જ શોષણમાંથી મુક્તિ થઈ શકે. ભારતમાં મહિલાઓ સંગઠિત બની પોતાના અધિકારો મેળવી શકે, ત્યારે ભવિષ્યનો સમય મહિલાઓનો હશે. પોતે સ્વતંત્રતાથી જીવી શકે એ માટે મહિલાઓએ સંઘર્ષ કરવો પડશે. **(સર્વોદય પ્રેસ સર્વિસ)**

## નારીવાદ અને સ્ત્રીની તાબેદારીમાંથી મુક્તિઃ સુશ્રી ગીતા ચાવડા

દુનિયાના બધા સમાજોમાં સ્ત્રીની સ્થિતિ માટે એક સરખાપણું દેખાય છે. ભૂતકાળમાં થયેલી અનેક સ્ત્રીમુકિત માટેની ચળવળોને કારણે છેલ્લા ત્રણ દાયકાથી સ્ત્રીની સ્થિતિમાં સુધાર દેખાય છે. છતાંય સ્ત્રીની સાચી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે સ્ત્રીનું પોતાના શરીર પરનું નિયંત્રણ, સ્ત્રીઓ અને બાળકોમાં વધતું ગરીબીનું પ્રમાણ, સ્ત્રી સામે વધતી જતી હિંસા, સરકારમાં, કાયદામાં તથા સત્તાના માળખામાં સ્ત્રીની નોંધપાત્ર રીતે ઓછી સંખ્યા વગેરેને પણ ધ્યાનમાં લેવાં જોઈએ. તે દર્શાવે છે કે સ્ત્રી માટે હજી પણ પરિસ્થિતિ બહુ બદલાઈ નથી. કેટલીક સ્ત્રીઓને ચોક્કસપણે જીવનમાં સારી તકો મળી છે, પરંતુ મોટા ભાગની સ્ત્રીઓ હજુ પણ ઊતરતી કક્ષામાં સ્થિતિમાં જીવે છે. કેટલાંક તથ્યો આ બાબતની પૃષ્ટિ કરે છે. જેમ કેઃ

૧. સ્ત્રીઓ દુનિયાનું ૨/૩ કામ કરે છે પરંતુ આવકનો ૧૦ ટકા ભાગ મેળવે છે અને સંપત્તિનો ૧ ટકા હિસ્સો જ ધરાવે છે.
૨. સ્ત્રી સૌથી ગરીબ છે. કાળી અને ત્રીજા વિશ્વની સ્ત્રીઓ બધામાં સૌથી વધુ ગરીબ છે અને એ હકીકત છે કે જેમ ગરીબી વધુ તેમ સ્ત્રી શોષણ વધુ, જેમ ગરીબી વધુ તેમ સ્ત્રીનું આગળ વધવું અઘરું અને તેને મહેનતનું કાર્ય કરવા મજબૂર થવું પડે.
૩. સ્ત્રીઓને શ્રમિક તરીકે માન્યતા મળતી નથી કે નથી તેમના કામને કામ તરીકે માન્યતા મળી.
૪. સ્ત્રી કૃષિ ક્ષેત્રે અનાજ ઉગાડવામાં અડધાથી વધુ ફાળો આપતી હોવા છતાં જમીન પર તેની માલિકી નથી. લોન મેળવવા પત્ની પાસે શાખ, પસંદગીની ટેકનોલોજી તેની પાસે નથી.
૫. સ્ત્રીઓ બાળકોની સંભાળનું બધું જ કાર્ય કરતી હોવા છતાં તેની સામે બાળકોનો કબજો છીનવાઈ જવાનો ખતરો તો છે જ, બાળકને પોતાનું નામ પણ તે આપી શકતી નથી.
૬. કૌટુંબિક શાંતિ જાળવવા અને આર્થિક અને રાજકીય રીતે અસ્તિત્વ ટકાવી રાખવા માટે સ્ત્રીને રાષ્ટ્રીય સીમાઓ પાર કરવા મજબૂર કરાય છે. પોતાને ન ગમે તેવી જગ્યાએ તેને પુનઃસ્થાપિત થવા મજબૂર કરવામાં આવે છે.
૭. સ્ત્રીનું કાર્ય દૃશ્યમાન નથી તેમ જ વળતર વગરનું છે. પરિણામે કોઈ પણ કલ્યાણના લાભો જેવા કે પેન્શન કે નોકરીના લાભો મેળવવા તે પાત્ર રહેતી નથી. તેની સ્થિતિ દયનીય રહે છે.
૮. સ્ત્રીને ખોરાક, આરોગ્યની જાળવણી બાળકો પેદા ન કરવાનો હક્ક, બળાત્કાર અને હિંસા સામે રક્ષણ, બાળઉછેર, વ્યવસાયની તકો, સમાન પગાર વગેરે અંગેના સમાન હક્કોથી વંચિત રાખવામાં આવે છે. બીજી રીતે કહી શકાય કે સ્ત્રીને પાયાના માનવીય હક્કોથી વંચિત રાખવામાં આવે છે.
૯. નિર્ણયની પ્રક્રિયામાં સ્ત્રીઓની સમાન ભાગીદારી નથી.

### નારીવાદના વિવિધ સિદ્ધાંતો

આમ, સ્ત્રીની ઊતરતી કક્ષાની સ્થિતિમાં એક સામ્ય ઐતિહાસિક રીતે, ભૂતકાળથી શરૂ કરી આજના યુગ સુધી, સતત જોવા મળે છે. તેની માત્રામાં અને સ્વરૂપમાં જરૂર નોખાપણું છે પરંતુ તેનું અસ્તિત્વ સતત દેખાય છે. તેની સામે ઐતિહાસિક રીતે બીજું સામ્ય પણ સતત જોવા મળે છે. તે એ છે કે જ્યારથી સ્ત્રી તાબેદાર થઈ છે, ત્યારે તેનો પ્રતિકાર વ્યક્ત કે અવ્યક્ત રીતે, વૈયક્તિક કે સામૂહિક રીતે જરૂર થયો છે. આમ, એમ ચોક્કસ કહી શકાય કે નારીવાદનું અસ્તિત્વ કાયમથી હતું જ. નારીવાદ સ્ત્રીની તાબેદારી અને તેમાં શક્ય પરિવર્તન વિશેની વિચારણા કરે છે અને તેને દૂર કરવા કોશિશ કરે છે. આમ,

એક બાજુ નારીવાદ સ્ત્રી તાબેદારી અને મુક્તિ સમજાવતા સિદ્ધાંતો આપે છે, તો બીજી બાજુ આ સિદ્ધાંતોને અમલમાં મૂકવા રાજકીય પદ્ધતિઓ વિકસાવે છે. આ એક સતત ચાલતી પ્રક્રિયા છે. તે બધા યુગમાં બધે ઠેકાણે ચાલે છે. નારીવાદની ઉત્પત્તિથી આજ સુધીના તેના વિકાસને ઐતિહાસિક રીતે જોઈએ તો તેમાં એક વલણ નોંધપાત્ર રીતે તરી આવે છે, અને તે છે બધાને પોતાનામાં સમાવિષ્ટ કરી પોતાને વધુ વિસ્તૃત અને સમૃદ્ધ થવાનું વલણ.

વિવિધ નારીવાદી સિદ્ધાંતો સ્ત્રીની તાબેદારી માટે સ્ત્રી-પુરુષ તફાવત, વર્ગ, જાતીયતા, ધાર્મિક પ્રતીકો, કથા-વાર્તાઓ અને ક્રિયાકાંડો, શરીરરચના, સામાજિક માળખાંને જવાબદાર ગણતાં હોવાથી પરિવર્તન માટેનો તેમનો અભિગમ પણ તેને અનુરૂપ આપે છે. જેમ કે પરંપરાવાદીના મતે શરીર રચનાને પ્રારબ્ધ સાથે સબંધ છે તેથી તેને બદલી ન શકાય. આમ તેઓ સ્ત્રીની તાબેદારીને શાશ્વત માને છે. ઉદારમતવાદી નારીવાદીઓ સામાજિક રિવાજોમાં, કાયદામાં, સમાજીકરણની પ્રક્રિયામાં તાબેદારીનાં મૂળ જોતા હોવાથી શિક્ષણ આપી તેની બૌદ્ધિક ક્ષમતા વિકસાવી જાહેર ક્ષેત્રમાં તેની ભાગીદારી વધારવા ઇચ્છે છે. તેમના મતે આ માટે જરૂર લાગે તો સ્ત્રી માટે વિશિષ્ટ સવલતો પણ પૂરી પાડી શકાય છે.

માર્કસવાદી નારીવાદીઓ સ્ત્રીની તાબેદારીને વર્ગવ્યવસ્થા સાથે જોડી તેને દૂર કરવા મૂડીવાદની જગ્યાએ સમાજવાદની સ્થાપના કરવા ઈચ્છે છે. સ્ત્રીના ઘરકામ અને બાળઉછેરને સામુદાયિક બનાવવા સૂચવતાં તેઓ સ્ત્રીને જાહેર ક્ષેત્રમાં જોડાવા કહે છે. ઉદ્દામવાદી નારીવાદીઓ સ્ત્રીનું પોતાના શરીર પર નિયંત્રણ માંગે છે. નારીવાદી આધ્યાત્મિકતામાં માનનારા નારીવાદીઓ નવી નારીવાદી કથાવાર્તાઓ, પ્રતીકો અને ક્રિયાકાંડો વિકસાવવાનું કહે છે. તેથી પિતૃસત્તાક સભાનતાથી ઉપર આંતરજોડાણથી ચેતના અનુભવી શકાય. મનોવિશ્લેષણવાદી નારીવાદીઓ અર્ધચેતનમાં સ્ત્રીની તાબેદારીનાં મૂળ જુએ છે અને તેને દૂર કરવા બાળઉછેરની પ્રવૃત્તિમાં પરિવર્તન લાવી ઇડિપસ ગ્રંથિને દૂર કરવા ઇચ્છે છે. સમાજવાદી નારીવાદીઓનો પ્રસ્તાવ આર્થિક પરિવર્તન સાથે સ્ત્રીને પ્રજોત્પાદકીય સ્વાતંત્ર્ય મળે તે રહ્યો છે. તો અસ્તિત્વવાદી નારીવાદીઓ સ્ત્રીને ‘સ્વ’ બનવા માટે શ્રમિક બળમાં જોડવાનું અને બૌદ્ધિક બનવાનું સૂચવે છે. અનુઆધુનિક અભિગમ વિવિધતાની વાત કરી કોઈ પણ એક રણનીતિ આપવાનું ટાળે છે. તેઓ મુક્તિ, તાબેદારી, નારીવાદ, સ્ત્રી-પુરુષ તફાવત જેવી વિભાવનાઓને પણ પારિભાષિત કરી મર્યાદિત કરવા માંગતા નથી. તેઓ જ્ઞાન અને ભાષાના ક્ષેત્રમાં બદલાવ ઈચ્છે છે.

### તત્ત્વદર્શનમાં પરિવર્તન

આમ વિવિધ નારીવાદી સિદ્ધાંતો સ્ત્રીની તાબેદારીને દૂર કરવા સમાજનાં જુદાં જુદાં સામાજિક રાજકીય, આર્થિક અને ધાર્મિક માળખાઓમાં તથા તત્ત્વદર્શનમાં પરિવર્તન ઇચ્છે છે તેમ જ સમાજમાં વ્યક્તિ અને વ્યકિત વચ્ચેના સંબંધ તેમ જ વ્યક્તિ અને સમાજના સંબંધમાં પરિવર્તન લાવવાનું સૂચવે છે. હાલમાં કોઈ પણ પ્રકારના નારીવાદને વ્યાખ્યાયિત કરવાનું અઘરું થઈ ગયું છે. નારીવાદી વિચારસરણીમાં પાછળથી જે ઉમેરા થયા તેના પરિણામે આ વિવિધ સિદ્ધાંતો વચ્ચેની ભેદરેખા પાતળી થઈ ગઈ છે. આજે માર્કસવાદીઓ સ્ત્રીની તાબેદારીને વર્ગના ચશ્માથી જ ન જોતાં સ્ત્રીના દમનને પણ ઘણું ગંભીરતાથી લે છે. જ્યારે ઉદારમતવાદી વર્ગ, વંશ અને રાષ્ટ્રીયતાના ભેદ પર વધુ ધ્યાન આપે છે. પાછળથી જે નવા સિદ્ધાંતોને વિકસ્યા તે આ બધા ભેદ તોડી નાખે છે અને કોઈ પણ ચશ્મા પહેરી સ્ત્રીની તાબેદારીને મૂલવવાનો વિરોધ કરે છે. કોઈ પણ ખ્યાલ વિકસાવવાનો વિરોધ, કોઈ પણ પ્રતીકાત્મક વ્યવસ્થાનો વિરોધ, કોઈ પણ વાદનો વિરોધ. આમ, બધા જ નારીવાદી અભિગમો જોતાં સતત ઉપર તરફનો ક્રમિક વિકાસ થતો જોવા મળે છે. દરેક નવા નારીવાદી સિદ્ધાંતે કશુંક નવું પ્રદાન કર્યું છે અને આ રીતે નારીવાદ વધુ ને વધુ સમૃદ્ધ થતો રહ્યો છે.

આ બધા પ્રયત્નોમાં નારીવાદની સ્ત્રીની તાબેદારીને દૂર કરવાની પ્રતિબદ્ધતા અને લગની સ્પષ્ટપણે ઉભરી આવે છે. કોઈ એક જડતાપૂર્ણ સિદ્ધાંત બનાવવાની આવશ્યકતા નથી. પરંતુ એવા અભિગમને વિકસાવવાની જરૂર ઊભી થઈ છે કે જે સ્ત્રીની તાબેદારીને સમગ્રતામાં જોઈ એવા સમાજિક સાપેક્ષ ખ્યાલો વિકસાવે કે જેમાં ઐતિહાસિક બદલાવની ક્ષમતા હોય તથા સાંસ્કૃતિક વિવિધતાને માન હોય. આમ આજે નારીવાદ જે સ્તરે આવીને ઊભો છે ત્યાં બહુ મોટો પડકાર તેની સામે ઊભો થયો છે અને તે છે વિવિધતામાં એકતા ઊભી કરવાનો.

### મહિલાઓ સમક્ષનો પડકાર

બીજો પડકાર પદ્ધતિ વિશે ઊભો થાય છે. વિકાસ અંગેનું આટલું સુવિકસિત, સુનિયોજિત અને ખર્ચાળ વહીવટી માળખું હોવા છતાં અને વિસ્તૃત યોજનાઓ હોવા છતાં અમલના સ્તરે કેમ ઊણા ઊતરીએ છીએ? વિકાસની પ્રક્રિયાને આંકડાકીય રીતે મૂકીએ તો ૧૯૭૦થી ૧૯૯૦ સુધીના વિકાસનો ઝોક જોવા માટે યુ. એન. દ્વારા પ્રકાશિત અહેવાલ ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે. છેલ્લાં ૨૦ વર્ષમાં સ્ત્રીઓ માટે કેટલાક સુધારા થયા છે, પરંતુ બહુમતી સ્ત્રીઓ સત્તા, ધનસંપત્તિ અને દરજ્જા અને તકમાં હજી પણ પુરુષોથી ઘણી પાછળ છે. ૧૯૭૧થી ૧૯૯૦ દરમ્યાન નિરક્ષરતાનો દર ઘટ્યો છે, પરંતુ અશિક્ષિત સ્ત્રીઓની સંખ્યામાં વધારો થયો છે. ઉપરાંત, પુરુષોમાં જે ગતિથી નિરક્ષરતાનો દર ઘટ્યો છે, તેના પ્રમાણમાં આ દર ઘણો

ઓછો ઘટ્યો છે. તે દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ માટેના પ્રયત્નો ઘણા અપૂરતા સાબિત થયા છે. આ ઉપરાંત કાર્યની રીતે જોઈએ તો પણ જો ઘરમાં થતા નાણાં ચૂકવ્યા વગરના કામને ગણતરીમાં લેવામાં આવે તો પુરુષ કરતાં વધારે કલાક સ્ત્રીઓ કાર્ય કરે છે, અને છતાં તેઓને ઓછું મહેનતાણું મળે છે. આ અહેવાલમાં અગત્યનાં બે તારણો નીકળે છે. એક તો એ કે, દુનિયામાં દરેક જગ્યાએ ઘરકામની બધી જ જવાબદારી સ્ત્રીની છે. અને બીજું વિકસતા દેશોના પુરુષો વિકસિત દેશોના પુરુષો કરતાં ઘણું ઓછું ઘરકામ કરે છે. પગારની ચુકવણી વગર થતા ઘરકામની જવાબદારી સિવાય મજૂરી ક્ષેત્રે પણ સ્ત્રીની ભાગીદારી વધુ છે, જે છેલ્લાં ૨૦ વર્ષમાં વધતી ગઈ છે. આ પ્રમાણ એશિયામાં સૌથી વધુ છે. બીજી બાજુ સ્ત્રીને પુરુષ કરતાં મહેનતાણું ઓછું ચૂકવવામાં આવે છે, કાર્યમાં પણ સ્ત્રીને એવું અમુક જાતનું જ કાર્ય સોંપવામાં આવે છે કે જેમાં વધુ શ્રમ અને ઓછું વળતર હોય છે.

બીજી સતત દેખાતી બાબત એ છે કે, સરકારી અને ખાનગી બંને ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા પર સ્ત્રીની ભાગીદારી ઘણી ઓછી છે. રાજકીય રીતે પણ સ્ત્રીની ભાગીદારી ઘણી ઓછી છે. છેલ્લાં ૨૦ વર્ષોમાં સ્ત્રીઓનું પ્રમાણ સંસદના સભ્ય તરીકે થોડું વધ્યું છે, પરંતુ પ્રધાનમંડળમાં તેમનું પ્રમાણ ફક્ત ૩.૫ ટકા જ છે અને તેમાંય બહેનોને હળવાં ખાતાં અપાય છે, જેવાં કે શિક્ષણ, સમાજ કલ્યાણ વગેરે. તે જ રીતે મેનેજર કક્ષાએ સ્ત્રીઓનું પ્રમાણ વધ્યું છે પરંતુ વહીવટના ઉચ્ચ હોદ્દા પર તે પ્રમાણ ઘણું ઓછું છે. નિરાશાજનક બાબત એ છે કે ૧૯૭૫નું વર્ષ મહિલા વર્ષ તરીકે ઊજવાઈ ગયું. વિશ્વ કક્ષાની ચાર મોટી પરિષદો સ્ત્રીઓ માટે થઈ ગઈ. 'સંયુક્ત રાષ્ટ્રો'નો સ્ત્રી દશકો ઊજવાઈ ગયો, ઘણા દેશોમાં વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓ માટે ખાસ કાર્યક્રમો અને યોજનાઓ બનાવવામાં આવ્યાં. સાધનો ફાળવાયાં. છતાં સ્ત્રીજીવનની ગુણવત્તામાં સુધાર લાવવાનો હેતુ મહદ્ અંશે નિષ્ફળ ગયો છે.

### સફળતા કેવી રીતે?

આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, નારીમુક્તિના આટઆટલા જાગૃત પ્રયત્નો છતાં શા માટે કશાં મોટાં પાયાનાં પરિવર્તન આવ્યાં નથી? વિકાસની આટઆટલી યોજનાઓ પછી સ્ત્રીજીવનની ગુણવત્તામાં સુધાર લાવવાના પ્રયત્નો શા માટે સફળ થયા નથી? શિક્ષણ વધારવાના આટઆટલા પ્રયત્નો છતાં સ્ત્રી શા માટે સત્તાવિહીન બનતી જાય છે? આ ક્ષેત્રે થતો દરેક પ્રયત્ન શા માટે એક નવા શોષણને જન્મ આપે છે? આર્થિક સ્વનિર્ભરતા વધારવાના પ્રયત્નો શા માટે નવા આર્થિક શોષણમાં પરિણમે છે? આરોગ્ય સુધારવા થતા અનેક પ્રયત્નો છતાં આજે સ્ત્રીનો જન્મવાનો હક્ક શા માટે છીનવી લેવામાં આવે છે? સ્ત્રીને શક્તિશાળી બનાવવાની યોજનાઓ શા માટે સ્ત્રીની જવાબદારીઓ વધારી તેને કમરતોડ બોજા નીચે દબાવી દે છે? શા માટે ઉચ્ચ આદર્શોથી શરૂ થયેલી વિકાસની દરેક યોજના અને કાર્યક્રમો દિશા શૂન્ય અને પરિણામશૂન્ય દેખાય છે? અને જો આવું જ થાય તો વિકાસ કેવી રીતે થશે? પરિવર્તન કેવી રીતે થશે?

પિતૃસત્તાને શોષણ માટે મુખ્યપણે જવાબદાર ગણવામાં આવે છે. પિતૃસત્તાક મૂલ્યો એટલાં બધાં મજબૂત છે કે પુરુષ સ્ત્રીને જ પોતાના નિયત્રંણમાં લે છે તેવું નથી, પરંતુ સમાજની રચના, સમાજનાં કાર્યો, સમાજની વિવિધ સંસ્થાઓ, સમાજનું અર્થકારણ, રાજકારણ, ધર્મકારણ, બધાંને જ તે પોતાના સંકજામાં લે છે. ત્યારે તેમાંથી સ્ત્રીની મુક્તિ કેવી રીતે શક્ય બને તે એક મોટો પ્રશ્ન છે. ઘણા ઉમદા આદર્શો પણ તેના અમલના સ્તરે આવીને નબળા પડી જાય છે અને તે મોટા ભાગના કિસ્સામાં શોષણ માટેનું જ એક સાધન બની જાય છે. શું કમી છે તે વિચારવાની જરૂર છે અને ખરેખર ક્યાંથી કેવી રીતે શરૂઆત કરવાની જરૂર છે તે અંગે પણ વિચારવાની તાતી જરૂર છે. આ ખૂટતી કડી વિશેની શોધ આધ્યાત્મિક પરિમાણ ઉમેરવાથી પૂરી થશે તેવું લાગે છે. કારણે કે સ્ત્રીની તાબેદારીને સમજવા નારીવાદ સતત વિસ્તૃત થઈ રહ્યો છે. જીવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મ, મનોવિજ્ઞાન, તત્ત્વદર્શન, સાહિત્ય, જ્ઞાન વ્યવસ્થા એમ બધી વિદ્યાશાખાઓની દૃષ્ટિથી સ્ત્રીની તાબેદારીને સમજવાની કોશિશ આધુનિક નારીવાદ કરે છે. પરંતુ સ્ત્રીના આંતરિક જીવનના અનુભવો કે જે તેના બાહ્ય જીવનના વર્તનને અસરકારક રીતે પ્રભાવિત કરે છે તેનો સમાવેશ તેણે હજુ કર્યો નથી. જે અભિગમોમાં સ્ત્રીના આંતરિક જીવનનો સમાવેશ કર્યો છે તે પણ માત્ર જાતીયતાના સદર્ભમાં જ કર્યો છે, વ્યક્તિના સમગ્ર આતંરિક વ્યક્તિત્વના સંદર્ભમાં નહીં.

આમ નારીવાદ માટે હવે વધુ વિસ્તૃત થવા આધ્યાત્મિક દૃષ્ટિથી પણ સ્ત્રીની તાબેદારીને સમજવાનું જરૂરી બન્યું છે. એવી આધ્યાત્મિકતા કે જે ધાર્મિકતા નથી, માત્ર ક્રિયાકાંડ કે બાહ્યાચાર નથી, સ્ત્રીને દમનકર્તા રિવાજો નથી પરંતુ એ આધ્યાત્મિકતા કે માનવ પ્રકૃતિની ઊંડી સમજૂતી આપે છે. તે માનવ પ્રકૃતિને સમજાવતું અને તેમાંથી સભાન કરતું શાસ્ત્ર છે, જે માનવ પ્રકૃતિનું નિમ્ન ચેતનાનું રૂપાંતર કરતું વિજ્ઞાન છે, તે એક ઊર્ધ્વ ગતિ છે, વાસ્તવિકતાઓથી સભાન કરી તેને પોતાની ઈચ્છાથી બદલતી ક્રિયાશીલ શક્તિ છે. જ્યારે આધ્યાત્મિકતાને આ નવા સંદર્ભમાં સમજી તેને નારીવાદ સાથે સાંકળવામાં આવશે ત્યારે સ્ત્રીના તાબેદારીનું વધુ ઊંડું વિશ્લેષણ, સ્ત્રીમુક્તિ માટેનો વધુ ઊંડો અભિગમ અને અમલના સ્તરે વધુ સફળતા મળશે.

# ગ્રામીણ રાજસ્થાનમાં અસ્પૃશ્યતા અને મહિલાઓ

'એક્શન એઈડ ઇન્ડિયા' દ્વારા પ્રેરિત અખિલ ભારતીય અભ્યાસના ભાગરૂપે રાજસ્થાનમાં અસ્પૃશ્યતાના વ્યવહાર અંગે અભ્યાસ થયો છે. 'વિચાર' ના ઓક્ટોબર-ડિસેમ્બર, ૨૦૦૧ના અંકમાં આ અભ્યાસનાં તારણો, અંગેનો પ્રથમ લેખ રજૂ થયો હતો. 'ઉન્નતિ'ના **શ્રી હિતેન્દ્ર ચૌહાણ** દ્વારા તૈયાર કરાયેલા આ બીજા લેખમાં દલિત મહિલાઓ અસ્પૃશ્યતાનો કેવી રીતે ભોગ બને છે તેની વિગતો અપાઈ છે.

## પૂર્વભૂમિકા

'ઉન્નતિ'એ ગ્રામીણ રાજસ્થાનમાં અસ્પૃશ્યતાની સ્થિતિ અંગે એક અભ્યાસ હાથ ધર્યો. 'એક્શન એઈડ ઇન્ડિયા' દ્વારા હાથ ધરાયેલા એક રાષ્ટ્રીય અભ્યાસનો આ એક ભાગ છે. અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે:

(૧) ગ્રામીણ ભારતના વિવિધ ભાગોમાં અસ્પૃશ્યતાની સમસ્યા અને વ્યવહારની વર્તમાન સ્થિતિ અંગે અનુભવાશ્રિત પુરાવા મેળવવા.

અભ્યાસના ગૌણ ઉદ્દેશો નીચે મુજબના છે:

(૨) દલિતોમાં પ્રવર્તમાન અસ્વસ્છ વ્યવસાયો અંગેની પરિસ્થિતિનો અભ્યાસ ધરવો.

(૩) રાજ્યના કાર્યક્રમોના અમલમાં દલિતોની અને બિનદલિતોની વસ્તીમાં ભેદભાવ પ્રવર્તે છે કે નહિ તે જોવું.

(૪) અસ્પૃશ્યતાના વ્યવહારને કારણે દલિત સ્ત્રીઓ પર પડતા વધારાના બોજા અંગે તપાસ કરવી.

(૫) અત્યાચાર વિરોધી કાનૂન અંગે જાગરૂકતા તથા તે અંગે રાજ્યતંત્રનો પ્રતિભાવ તપાસવો.

આ અભ્યાસમાં મુખ્ય બાબત એ ધ્યાનમાં રાખવામાં આવી છે કે વર્તનની પસંદગી એ રીતે કરવી કે જે વર્તન ગામના લોકોનો રોજિંદો અનુભવ હોય. અમે ધાર્મિક, શૈક્ષણિક, વ્યવસાયિક, અને જાહેર વ્યવસ્થાઓ જેવી વિવિધ વ્યવસ્થાઓને સ્પર્શવાનો પ્રયત્ન ક્ર્યો છે. અવલોકન માટે જાહેર અને ખાનગી એમ બે ક્ષેત્રો રખાયાં છે. ૫૦ ગામોમાં આ અભ્યાસ કરાયો. નીચેના બે માપદંડો રખાયા:

**(૧) ઐતિહાસિક રીતે સામાજિક-સાંસ્કૃતિક પ્રદેશઃ**

પ્રદેશે પ્રદેશે રીતરિવાજ, આર્થિક પરિસ્થિતિ અને ઇતિહાસ અનુસાર અસ્પૃશ્યતાનો વ્યવહાર બદલાય છે.

**(૨) દલિતોની વસ્તીઃ**

જે તે પ્રદેશમાં દલિતોની ઓછીવત્તી વસ્તી અનુસાર અસ્પૃશ્યતાનો વ્યવહાર બદલાય છે.

'વિચાર' ના ઓક્ટોબર-ડિસેમ્બર, ૨૦૦૧ના અંકમાં અમે પહેલા ઉદ્દેશ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ લેખમાં અમે મુખ્યત્વે ચોથા ઉદ્દેશ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. એટલે કે સ્ત્રીઓ પર અસ્પૃશ્યતાના વ્યવહારનો બોજો કેટલો પડે છે તેની સમજ કેળવવાનો ઉદ્દેશ રખાયો છે.

કોઈ પણ સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સમાજની સ્થિતિનું સાચું ચિત્ર રજૂ કરે છે. રાજસ્થાન પિતૃસત્તાક સામંતશાહી સામાજિક માળખું ધરાવે છે. ઐતિહાસિક રીતે આ રાજ્ય સતી પ્રથા જેવા રિવાજ માટે કુખ્યાત છે. જૌહર પ્રથા પણ ત્યાં પ્રચલિત હતી. આ પ્રથાઓ સ્ત્રીના શોષણને ભવ્યતાપૂર્વક ચીતરતી હતી અને તેના આત્યંતિકપણાનાં તે ઉદાહરણો છે. બલિદાનો અને ભક્તિ માટે હંમેશાં મીરાંબાઈ અને પન્નાબાઈનાં ઉદાહરણો આપવામાં આવે છે. તેમણે જે અન્યાયો સહન કરવા પડ્યા હતા તેને માટે કદી તેમનાં નામો લેવાતાં નથી. આજે પણ બાળલગ્ન અને દહેજ પ્રથા ચાલુ છે કે જેના અંતે સ્ત્રીએ જ સહન કરવાનું આવે છે. ખાસ કરીને દલિત સ્ત્રીઓ જ્ઞાતિ, વર્ગ અને જાતીયતાના સંદર્ભમાં ભેદભાવનો ત્રેવડો બોજ ઉઠાવે છે.

## આંકડાકીય વિશ્લેષણ

### સ્ત્રી–પુરુષ પ્રમાણ

વસ્તીની સ્ત્રી પુરુષની દૃષ્ટિએ વહેંચણી આર્થિક રીતે મહત્ત્વની છે, કારણે કે તે લગ્ન વગેરે દ્વારા શ્રમના પુરવઠા પર અસર કરે છે. કહેવાતા પછાત વર્ગો અને સમાજના નિમ્ન સ્તરમાંથી સ્ત્રીઓ સિવાય ભારતમાં ભાગ્યે જ સ્ત્રીઓને ભૌતિક સંપત્તિની પેદાશ કહી શકાય. આવું વિધાન કરવામાં અને સ્ત્રીઓ માતાઓ તરીકે અમે ગૃહિણીઓ તરીકે જે સેવાઓ આપે છે તેને લક્ષમાં લેતા નથી એ સ્પષ્ટ છે. રાજસ્થાનની કુલ વસ્તીમાં ૨.૩૭ કરોડ પુરુષો અને ૨.૧૦ કરોડ સ્ત્રીઓ છે. ૧૯૫૧માં એ પ્રમાણ ૯૨૧ હતું પણ ૧૯૬૧માં તે ઘટીને ૯૦૮ થઈ ગયું હતું. પછી ફરી એક વાર તે વધીને ૧૯૭૧માં ૯૧૧ અને ૧૯૮૧માં ૯૨૯ થયું હતું. ૧૯૯૧માં ફરી એક વાર તે

**કોઠા નં.૧**

| ક્રમ | સામાજિક પ્રક્રિયા | ભેદભાવનું પ્રમાણ | | |
|---|---|---|---|---|
| | | સ્પષ્ટ ભેદભાવ | ભેદભાવ નથી | ભેદભાવ છે |
| | **ખાનગી** | | | |
| ૧. | બિનદલિતના ઘરમાં પ્રવેશ | ૭૬ | ૮ | ૯૨ |
| ૨, | પૂજાના સ્થાનમાં પ્રવેશ | ૫૫ | ૧૬ | ૮૪ |
| ૩. | સહભોજન | ૮૬ | ૪ | ૯૬ |
| ૪. | દલિત સ્ત્રીઓ પ્રત્યે બિનદલિત પુરુષોનું વર્તન | ૩૪ | ૨૬ | ૬૮ |
| ૫. | બિનદલિત સ્ત્રીઓનું દલિત સ્ત્રીઓ પ્રત્યે વર્તન | ૩૪ | ૨૬ | ૬૮ |
| | **સરેરાશ** | **૫૭** | **૧૭** | **૮૦** |
| | **સામૂહિક મિલકત સંસાધનો** | | | |
| ૧. | દલિત દ્વારા દૂધ કેન્દ્રે દૂધનું વેચાણ | ૪૨ | ૨૭ | ૭૧ |
| ૨. | દલિતો દ્વારા વસ્તુઓનું વેચાણ | ૨૮ | ૬૮ | ૨૮ |
| ૩. | વાળંદની સેવા | ૧૮ | ૭૧ | ૨૯ |
| ૪. | હોટલમાં અલગ વાસણો | ૧૪ | ૭૯ | ૧૯ |
| ૫. | ખેતરમાં કામ | ૧૨ | ૮૪ | ૧૬ |
| | **સરેરાશ** | **૨૩** | **૬૬** | **૩૩** |
| | **જાહેર બજાર** | | | |
| ૧. | દૂધ કેન્દ્રે દલિત દ્વારા દૂધનું વેચાણ | ૬૭ | ૧૫ | ૮૫ |
| ૨. | દલિત દ્વારા વસ્તુઓનું વેચાણ | ૩૯ | ૩૨ | ૬૪ |
| ૩. | વાળંદની સેવા | ૩૧ | ૪૪ | ૫૪ |
| ૪. | હોટલમાં અલગ વાસણો | ૩૨ | ૪૫ | ૫૨ |
| ૫. | ખેતરમાં કામ | ૩૦ | ૬૭ | ૩૮ |
| | **સરેરાશ** | **૪૭** | **૩૯** | **૫૯** |
| | **સરકારી સેવાઓ** | | | |
| ૧. | શાળામાં સહભોજન | ૫૩ | ૨૪ | ૬૫ |
| ૨. | શાળામાં દલિત અને બિનદલિત શિક્ષક વચ્ચેના સંબધો | ૨૪ | ૫૫ | ૩૯ |
| ૩. | શાળામાં દલિત અને બિનદલિત વિદ્યાર્થીઓ વચ્ચેના સંબધો | ૨૯ | ૫૩ | ૪૩ |
| ૪. | પોલિસ સ્ટેશનમાં પ્રવેશ અને સમાન વ્યવહાર | ૨૬ | ૬૧ | ૨૯ |
| ૫. | પોલિસ સ્ટેશનમાં પીવાના પાણીના અને બેસવાની અલગ વ્યવસ્થા | ૨૩ | ૬૧ | ૨૯ |
| | **સરેરાશ** | **૩૧** | **૫૧** | **૪૧** |

**કોઠા નં.૨**

| | મારવાડ | મેવાડ | હાદૌતી | શેખાવતી | રાજસ્થાન |
|---|---|---|---|---|---|
| સ્ત્રીઓ | ૩૭.૬૭ | ૪૩.૫૭ | ૩૫.૮૩ | ૪૬.૩૩ | ૪૨.૪૫ |
| પુરુષો | ૫૦.૦૦ | ૫૨.૮૬ | ૪૬.૬૭ | ૬૦.૩૩ | ૫૫.૦૦ |
| તફાવત | ૧૨.૩૩ | ૯.૨૯ | ૧૦.૮૩ | ૧૪.૦૦ | ૧૨.૫૫ |

ઘટીને ૯૧૦ થયું. જિલ્લામાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં ભારે તફાવતો નજરે પડે છે. ડુંગરપુરમાં ૯૯૫, બાંસવાડામાં ૯૬૯ અને ઉદયપુરમા ૯૬૫નું પ્રમાણ છે. જ્યારે ધોલપુરમાં ૭૯૫, જેસલમેરમાં ૮૭૭ અને ભરતપુરમાં ૮૩૨નું પ્રમાણ છે. તાલુકા સ્તરે પણ આ પ્રમાણ જુદું જુદું પડે છે. ધોલપુર જિલ્લામાં બસેરી તાલુકામા તે પ્રમાણ ૭૯૨ છે અને ડુંગરપુર જિલ્લામાં તે પ્રમાણ સૌથી વધુ ૧૦૫૩ છે. જીવનધોરણ ઊંચું નથી માટે સમગ્ર રાજસ્થાનમાં આટલો મોટો તફાવત નજરે પડે છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ૧૯૮૧માં ૯૧૩:૧૦૦૦ હતું. સામાન્ય પ્રમાણ ૧૯૮૧માં ૯૧૩:૧૦૦૦ હતું. સામાન્ય વસ્તી કરતાં તે ૬ જેટલું ઓછું હતું. છેલ્લા ત્રણ દાયકાની સ્થિતિની તુલના કરીએ તો બે અલગ અલગ વલણો આપણને દેખાય છે. ૧૯૬૧માં ૯૩૩, ૧૯૭૧માં ૯૧૪ અને ૧૯૮૧માં ૯૧૩નું પ્રમાણ હતું. આદિવાસીઓમાં આ પ્રમાણ એ જ વર્ષો દરમ્યાન અનુક્રમે ૯૨૬, ૯૩૦ અને ૯૪૪ હતું. રાજસ્થાનના ૨૬ જિલ્લામાંથી ઝુનઝુનુ અને ભરતપુરમાં પુરુષોની તુલનાએ સ્ત્રીનું પ્રમાણ ઘટ્યું છે જ્યારે ચુરુમાં તે વધ્યું છે.

### સાક્ષરતા

સાક્ષરતાનાં વલણો સામાજિક પરિવર્તનનો નિર્દેશ આપે છે. સાક્ષરતા જેમ વધારે તેમ વ્યક્તિગત કે સામૂહિક તનાવનો સામનો કરવાની ક્ષમતા વધારે, પછી એ કુદરતી આપત્તિ હોય કે માનવસર્જિત સમસ્યા હોય. ભૌતિક રીતે અલગ પડી ગયેલી સાક્ષર વ્યક્તિ અલગ નથી પડી જતી. તે સારાં પુસ્તકોનું સાંનિધ્ય માણે છે. કોઈ પણ વ્યક્તિ બધો જ વિકાસ જાતે કરી શકતો નથી તેથી સાક્ષર થવાની જરૂર પડે છે. સાક્ષરતા વિના જ્ઞાન મળી શકતું નથી અને તેથી પ્રગતિ થતી નથી, અને તેથી નિરક્ષરો અન્યાયના ભોગ બને છે અને લોકશાહીનો પાયો જ હચમચી જાય છે. તેથી સાક્ષરતાની તરાહનું વિશ્લેષણ કોઈ પણ પ્રદેશની સર્વગ્રાહી સમજ મેળવવા માટે જરૂરી છે.

આ દૃષ્ટિએ માત્ર રાજસ્થાન જ નહિ પણ સમગ્ર દેશ પછાત છે. રાજસ્થાનમાં સાક્ષરતાનો દર ભારતનાં તમામ રાજ્યોમાં સૌથી નીચો છે. તે ૩૮.૫૫ ટકા છે જ્યારે ભારતની સરેરાશ ૫૨.૨૧ ટકા છે. પુરુષોમાં ૫૪.૯૯ ટકા સાક્ષરતા છે અને સ્ત્રીઓનો સાક્ષરતાનો દર ૨૦.૪૪ ટકા છે. અજમેરમાં પુરુષોમાં સાક્ષરતા દર ૬૮.૭૫ ટકા અને સ્ત્રીઓમાં ૩૪.૫૦ ટકા છે. આ સમગ્ર રાજસ્થાનમાં સૌથી વધારે છે. બાડમેર જિલ્લામાં સૌથી નીચો સાક્ષરતા દર ૨૨.૯૮ ટકા છે. પુરુષોમાં તે ૩૮.૧૬ ટકા છે અને સ્ત્રીઓમાં ૭.૬૮ ટકા છે. સ્ત્રીઓમાં સૌથી નીચો સાક્ષરતા દર આ રીતે બાડમેર જિલ્લામાં છે. શહેરીકરણ, અર્થતંત્રનો વિકાસ, જીવન ધોરણ, શૈક્ષણિક સંસ્થાઓની સાક્ષરતાના નીચા દર માટે જવાબદાર છે.

### અસ્પૃશ્યતા અને સ્ત્રીઓ

અભ્યાસ દરમ્યાન અમે કોઈ પણ સ્વરૂપે જ્યાં અસ્પૃશ્યતાનો વ્યવહાર શક્ય હોય એવાં ૫૦ સ્થાનો ધ્યાનમાં લીધાં. એમાંથી ૨૦ સ્થાનોએ સૌથી વધુ અસ્પૃશ્યતા આચરાય છે. અમે આ સ્થાનોની ચાર રીતે વહેંચણી કરી છે. આ અંગેની વિગતો આ સાથેના કોઠા નં.૧માં આપવામાં આવી છે.

પુરુષો અને સ્ત્રીઓ કઈ બાબતોમાં ભેદભાવનો અનુભવ કરે છે તે જાણવાનું રસપ્રદ છે. ખાનગી ક્ષેત્રે બિનદલિતના ઘરમાં પ્રવેશ, મંદિરમાં પ્રવેશ અથવા સહભોજન એ ત્રણ બાબતોમાં સ્ત્રીઓ અને પુરુષોએ સરખા ભેદભાવનો અનુભવ કરવો પડે છે. સાથે ભોજન

**કોઠા નં.૩**

| | લઘુતમ | સરેરાશ | મહત્તમ | રાજસ્થાન |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ | ૪૭.૫૦ | ૪૧.૬૭ | ૪૦.૫૩ | ૪૨.૪૫ |
| પુરુષો | ૫૮.૦૦ | ૫૫.૫૬ | ૫૨.૮૯ | ૫૫.૦૦ |
| તફાવત | ૧૦.૫૦ | ૧૩.૮૯ | ૧૨.૩૬ | ૧૨.૫૫ |

## કોઠા નં.૪

| પ્રદેશ | પ્રતિનિધિત્વનો પ્રકાર | બિનદલિત | | દલિત | |
|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ |
| મારવાડ | સરપંચ | ૪૩ | ૧૪ | ૩૬ | ૦૭ |
| | સભ્યો | ૫૧ | ૨૪ | ૧૮ | ૦૮ |
| મેવાડ | સરપંચ | ૫૦ | ૨૫ | ૨૫ | ૦૭ |
| | સભ્યો | ૪૫ | ૨૨ | ૨૧ | ૧૦ |
| હાદૌતી | સરપંચ | ૬૭ | ૧૭ | ૦૮ | ૦૮ |
| | સભ્યો | ૪૫ | ૨૨ | ૧૯ | ૧૪ |
| શેખાવતી | સરપંચ | ૫૭ | ૨૧ | ૨૧ | ૦૭ |
| | સભ્યો | ૪૯ | ૨૭ | ૧૬ | ૦૮ |
| કુલ | સરપંચ | ૫૫ | ૧૬ | ૨૩ | ૦૪ |
| | સભ્યો | ૪૮ | ૨૪ | ૧૮ | ૧૦ |

કરવાના કિસ્સામાં કદાચ પુરુષોને ભેદભાવનો વધારે અનુભવ કરવો પડે છે. મંદિરોમાં સ્ત્રીઓને વધારે ભેદભાવનો અનુભવ થાય છે. ઘરોમાં પ્રવેશના સંદર્ભમાં સ્ત્રીઓને ઘરોમાં કામ કરવાનું હોવાથી તેમણે ભેદભાવનો વધારે અનુભવ કરવો પડે છે.

સાર્વજનિક મિલકત સંસાધનો સૌનાં છે. પણ ત્યાં પીવાના પાણીની સવલતના સંદર્ભમાં મહિલાઓએ ભેદભાવ વધારે સહન કરવો પડે છે. એનું કારણ એ છે કે ઘરમાં પાણી લાવવાનું કામ સ્ત્રીઓ કરતી હોય છે. રાજસ્થાન પાણીની તંગીવાળો પ્રદેશ છે તેથી આ સમસ્યા ઘણી મોટી છે. ગંગાનગર જિલ્લાના એક ગામમાં રાજપૂત કુટુંબના હેન્ડપંપમાંથી પાણી લેવા માટે દલિત સ્ત્રીઓએ તેના ઘરનું સફાઈકામ કરવું પડે છે. આ વ્યવસ્થિત આર્થિક શોષણનું એક ઉદાહરણ છે. અન્ય બાબતોમાં સ્ત્રીઓ અને પુરુષો બંનેએ ભેદભાવનો લગભગ સરખો જ અનુભવ કરવો પડે છે.

બજારમાં મુખ્યત્વે પુરુષોએ ભેદભાવનો અનુભવ કરવો પડે છે. ૩૬ ટકા જેટલો ભેદભાવ તેમાં પ્રવર્તે છે. સરકારી સવલતોની બાબતમાં પણ દલિતોએ ભેદભાવનો સામનો કરવો પડે છે. મોટા ભાગનો ભેદભાવ ખાનગી ક્ષેત્રમાં થાય છે. પછી બીજા ક્રમે બજારમાં અને ત્રીજા ક્રમે સરકારી સેવાઓમાં ભેદભાવ આચરાય છે. સૌથી ઓછો ભેદભાવ સામૂહિક મિલકત સંસાધનોમાં આચરવામાં આવે છે. આ વલણો નીચે મુજબ વાજબી જણાવી શકાયઃ

(૧) જ્યાં દેખરેખ સરળ છે ત્યાં ભેદભાવ વધારે છે. ખાનગી સ્થળોએ આસાનીથી નજર રાખી શકાય છે. જાહેર મિલકતોના સંદર્ભમાં એ મુશ્કેલ છે. જાહેર બજારમાં પણ દુકાનદારો અને કારીગરો નજર રાખી શકતા હોય છે.

(૨) જ્યાં બીજાઓ અને ખાસ કરીને રાજ્ય જોઈ શકે તેમ છે ત્યાં શારીરિક ભેદભાવ નીચો છે. પોતના ઘરમાં દલિતને ન આવવાનું કહી શકાય પણ રસ્તો ન વાપરવાનું દલિતને કહેવાનું મુશ્કેલ છે.

(૩) પવિત્રતાના કહેવાતા ખ્યાલના રક્ષણ માટે બિનદલિતો આર્થિક હિતોનું પણ બલિદાન આપતા હોય છે. એ જાહેર સ્થાનોએ થતા ભેદભાવના સંદર્ભમાં જોઈ શકાય છે. જો આંકડા ધ્યાનપૂર્વક જોઈએ તો એમ જણાય છે કે દલિતોને જેમાં આર્થિક લાભ થતો હોય ત્યાં ભેદભાવ વધારે છે. જેમ કે, દલિતો દ્વારા દૂધ અને અન્ય વસ્તુઓનું વેચાણ. હોટલમાં બિનદલિતો દલિતોને ચા આપે છે, પૈસા પણ લે છે પણ તેમને માટે વાસણો અલગ રાખે છે. આ બિનદલિતોનો આર્થિક તકવાદ છે.

(૪) સામૂહિક મિલકત સંસાધનોની બાબતમાં રાજસ્થાન ઘણું ગરીબ છે. સાર્વજનિક જમીન કદી પણ સમસ્યા નહોતી. બહુ થોડી ગોચર જમીનો છે અને મત્સ્ય ઉછેર માટે તળાવો છે. પાણીના સંદર્ભમાં ભેદભાવ વધારે છે.

(૫) બધાં જ ક્ષેત્રોમાં એ જોઈ શકાય છે કે જ્યાં સંપર્ક જરૂરી છે ત્યાં ભેદભાવ વધારે છે. પાણી, શાળા, બજાર, વગેરેના કિસ્સામાં ભેદભાવ વધારે દેખાય છે.


(૬) સ્ત્રીઓ અને બાળકોએ સૌથી વધારે ભેદભાવ સહન કરવો પડે છે. મંદિર હોય કે પીવાનું પાણી મેળવવાનું હોય, બધે.

### કોઠા નં.૫

| ગામનો પ્રકાર | પ્રતિનિધિત્વનો પ્રકાર | બિનદલિત પુરુષો | બિનદલિત સ્ત્રીઓ | દલિત પુરુષો | દલિત સ્ત્રીઓ |
|---|---|---|---|---|---|
| લઘુતમ | સરપંચ | ૫૮ | ૨૫ | ૮ | ૮ |
| | સભ્યો | ૫૭ | ૨૯ | ૧૧ | ૩ |
| સરેરાશ | સરપંચ | ૬૫ | ૨૩ | ૧૨ | ૦ |
| | સભ્યો | ૫૪ | ૨૩ | ૧૩ | ૯ |
| મહત્તમ | સરપંચ | ૪૨ | ૧૦ | ૪૨ | ૫ |
| | સભ્યો | ૪૧ | ૨૪ | ૨૩ | ૧૩ |
| કુલ | સરપંચ | ૫૫ | ૧૬ | ૨૩ | ૪ |
| | સભ્યો | ૪૮ | ૨૪ | ૧૮ | ૧૦ |


## આર્થિક પ્રવૃત્તિ

બિનદલિત સ્ત્રીઓની તુલનાએ દલિત સ્ત્રીઓ વધારે બહાર જાય છે. તેનું કારણ ગરીબી છે અને સ્ત્રીઓએ બહાર કામે જવાની જરૂર છે. સમાજમાં પુરુષો જે કામો કરે છે તે લગભગ બધાં જ કામો તેઓ પણ કરે છે. ખેતીથી માંડીને સફાઈ અને મેલું ઉપાડવાનું કામ પણ તેઓ કરે છે. બહાર કામ કરતી વખતે તેમણે ઘણી વાર સામાજિક, શારીરિક અને આર્થિક શોષણનો ભોગ બનવું પડે છે. એક ગામમાં અમુક દલિત જ્ઞાતિની ૪૦ ટકા સ્ત્રીઓનું બિનદલિતો દ્વારા જાતીય શોષણ કરાયું હતું. ઘણી દલિત સ્ત્રીઓએ આ હકીકત સ્વીકારી હતી. તેઓ આર્થિક રીતે બિનદલિતો પર ભારે અવલંબિત હોય છે અને કામ માટે ખેતરમાં જવાનું હોય છે. તેથી દલિત સ્ત્રીઓએ આવા શોષણનો ભોગ બનવું પડે છે. આવા કિસ્સામાં દલિત સ્ત્રીઓ તેમના કુટુંબના સભ્યોને પણ આની વાત કરી શકી હોતી નથી. કારણ કે વાંક તો સ્ત્રીનો જ કાઢવામાં આવતો હોય છે. દલિત પુરુષો પણ બિનદલિત પુરુષો સામે કશું કરી શકતા નથી. તેથી તેઓ પોતાની સ્ત્રીઓનો જ વાંક કાઢે છે. અને પોતાનો બળાપો તેમની ઉપર જ કાઢે છે. બેગારી જેવી કેટલીક પ્રથાઓમાં બિનદલિતોનાં ઘરોમાં જ દલિત સ્ત્રીઓએ કામ કરવાનું હોય છે. પુરુષો દારૂ પીતા હોવાથી પણ સ્ત્રીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેને લીધે પણ ઘણી વાર તેમણે ઘરની બહાર કામ કરવા જવું પડે છે.




વેતનની બાબતમાં લગભગ બધે જ પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે ભેદભાવ છે. જો કે, તેમણે કામ તો સરખું જ કરવું પડતું હોય છે. કામ કરવા જવું પડે છે. દલિત મહિલાઓ અને બિનદલિત મહિલાઓની વચ્ચે વેતનની બાબતમાં કોઈ ભેદભાવ નજરે પડ્યો નથી.

આંકડાઓ ઘણા એકસરખા છે અને રાજયના લગભગ બધા જ પ્રદેશોમાં આ વલણ દેખાય છે. તુલનાત્મક રીતે શેખાવતી સારી સ્થિતિમાં છે કારણ કે રાજસ્થાનનો એ પ્રદેશ કંઈક અંશે સમૃદ્ધ છે. રસપ્રદ બાબત એ છે કે લઘુતમ વસ્તી ધરાવતાં ગામોમાં સરેરાશ અને મહત્તમ વસ્તી ધરાવતાં ગામો કરતાં વેતન સારાં છે. ઓછી વસ્તી ધરાવતાં ગામોમાં રોજમદારોની અછત હોય છે એને કારણે જ આ પરિસ્થિતિ છે. સ્ત્રીઓના કિસ્સામાં આ તફાવત મોટો છે કારણ કે




સ્થાનિક સ્તરે સ્ત્રીઓ સામાન્યતયા ઘરની બહાર કામે જવાનું ટાળે છે. ખેતી ગ્રામ વિસ્તારોમાં આવકનું મુખ્ય સ્તોત છે તેથી સ્ત્રીઓ માત્ર ખેતરોમાં કામ કરે છે.

## રાજકીય ભાગીદારી

અહીં આપણે પંચાયતો વિશે વાત કરીશું. ૭૩મા બંધારણ સુધારાનો સમાજના નબળા વર્ગોને સક્ષમ બનાવવાનો હેતુ છે. તે મુજબ ૩૩ ટકા બેઠકો સ્ત્રીઓ માટે પંચાયતોમાં અનામત રાખવામાં આવી છે. પંચાયતોમાં રાજકીય સહભાગિતાની વિગતો નીચે મુજબ છે:

આ આંકડા પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના છે. પરંતુ વાસ્તવમાં ચિત્ર કંઈક જુદું જ છે. મોટા ભાગના કિસ્સામાં મહિલા પ્રતિનિધિઓ ડમી છે અને તેઓ સત્તાનાં પરંપરાગત કેન્દ્રોના હાથમાં જ રમે છે. દલિત સ્ત્રીઓના કિસ્સામાં પરિસ્થિતિ વધારે ખરાબ છે. નાગોર જિલ્લામાં હિરણી ગામે એક દલિત સ્ત્રી મોહિનીદેવી સ્ત્રીઓની અનામત બેઠક ઉપર ચૂંટણી લડી હતી. તેના કાર્યકાળ દરમ્યાન અનેક વાર તેની સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી. પરંતુ તે બધી જ વખત જીતી ગઈ. તેના દ્વારા જે પ્રવૃત્તિઓ હાથ ધરાતી હતી તેમાં પણ અવરોધો ઊભા કરાયા. પોતાના કાર્યકાળ દરમ્યાન તેણે પંચાયત ઘરમાં થતા ભેદભાવ સામે પગલાં લીધાં અને તે એ ભેદભાવ દૂર કરી શકી. ગ્રામીણ રાજસ્થાનમાં અનેક સ્થળોએ આવું બન્યું છે.

દલિતોની જ્ઞાતિઓમાં પણ ગામોમાં જ્ઞાતિ પંચ હોય છે. આ પંચો દલિત સમાજ માટે નિયમો અને નિયમનો ઘડે છે. તે ન્યાયતંત્રની સમાંતર કામ કરે છે. આ પંચોમાં એક પણ સ્ત્રી હોતી નથી. દહેજ અને વિધવા વિવાહ જેવા પ્રશ્નોમાં પણ પુરુષોનાં બનેલાં પંચ જ નિર્ણયો લે છે.

## અત્યાચારો

તાજેતરનાં વર્ષોમાં દલિતો પરના અત્યાચારોમાં વધારો થયો છે. દલિત પુરુષો અને દલિત સ્ત્રીઓ પર બિનદલિત સ્ત્રીઓ દ્વારા જે અત્યાચાર થાય છે તે જોઈએ તો એક મહત્ત્વનો તફાવત નજરે પડે છે. સામાન્ય રીતે દલિત પુરુષો પર અત્યાચાર થાય છે કે જ્યારે તેઓ પોતાના અધિકારો માંગે છે. દલિત સ્ત્રીઓ પર મોટા ભાગના અત્યાચારો કામના સ્થળે થાય છે. સામાન્યતયા દલિત સ્ત્રીઓની આર્થિક સ્થિતિના દબાણનો લાભ ઉઠાવાય છે. આવા એક કિસ્સામાં નાગોર જિલ્લાના ભૂની ગામે એક દલિત છોકરી ઉપર તે જ્યારે ઢોરો ચરાવતી હતી ત્યારે બળાત્કાર કરાયો. ખૂબ જ ભયથી થથરતા લોકોએ પણ કેસ બે દિવસ પછી કર્યો. તેમ છતાં પોલિસે પૂરતાં પગલાં લીધા જ નહિ. ગુનેગારની ધરપકડ થઈ પણ તે જામીન પર છૂટી ગયો.

## ઉપસંહાર

દલિત સ્ત્રીઓ જ્ઞાતિ, વર્ગ અને જાતિગત ભેદભાવના ત્રેવડા બોજ હેઠળ જીવે છે. બિનદલિતો સાથે સમાન અધિકારોની માગણી કરનાર દલિત પુરુષો દલિત સ્ત્રીઓને અધિકારો આપવાનો ઈન્કાર કરે છે. અસ્પૃશ્યતાનો ભોગ સૌથી વધારે દલિત સ્ત્રીઓ જ બને છે. બુંદી જિલ્લામાં કેશરેપાટન તાલુકામાં દલિતોએ જાજરૂ માટે બહાર જવું પડે છે. પરંતુ દલિતોને તે માટે જમીનનો ઉપયોગ કરવા બિનદલિતો દેતા નથી. તેથી તેમણે ગામથી ખૂબ દૂર જવું પડે છે. દલિત પુરુષો માટે કોઈ સમસ્યા નથી કારણ કે દિવસે પણ તેઓ બહાર જઈ શકે છે. પણ સ્ત્રીઓએ તો જૂથમાં જ જવું પડે છે કારણ કે એકલદોકલ સ્ત્રીએ દૂર જવું જોખમી હોય છે. તેઓ માત્ર વહેલી સવારે કે મોડી રાતે જ નીકળે છે. તેને માટે સ્ત્રીઓએ અમુક સમય સુધી રાહ જોવી પડે છે. તેથી અનેક સ્ત્રીઓને પેટનાં દર્દો થાય છે. સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો દવાઓ વેચે છે તેથી સમસ્યા બેવડાય છે.

દલિત પુરુષોએ ભેદભાવ સામે તેમનો અવાજ ઉઠાવ્યો હોય એવાં ઉદાહરણો છે પણ દલિત સ્ત્રીઓ માટે એ હંમેશાં મુશ્કેલ હોય છે. દલિત પુરુષો ભેદભાવની સામે જે કિસ્સામાં વિરોધ કરે છે તે પણ મોટા ભાગના પુરુષોને અસરકર્તા હોય છે. દલિત પુરુષોએ એ સમજવાની જરૂર છે કે જે સામાજિક વ્યવસ્થાઓ સામે તેઓ લડે છે તે તેમનાં ઘરોમાં પણ પ્રવર્તમાન છે. વિકાસના સરકારી અને બિનસરકારી પ્રયાસોમાં દલિત સ્ત્રીઓના પ્રશ્નો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

# આપત્તિ પછી મહિલાઓની વિશિષ્ટ જરૂરિયાતોઃ ભચાઉ અને આસપાસનાં ગામોનો અભ્યાસ

ભૂકંપે ખાસ કરીને સ્ત્રીઓની સ્થિતિ વધારે પેચીદી બનાવી છે. આવાસ, જીવનનિર્વાહ અને મનોસામાજિક પુનર્વસનના પ્રશ્નો વધારે તીવ્ર બન્યા છે. 'ઉન્નતિ' દ્વારા ભચાઉ અને તેની આસપાસનાં ગામોની વિધવાઓનો જે અભ્યાસ કરાયો તેને વિશેની ઝાંખી આપતો આ લેખ **સુશ્રી ધરતી દફતરી** (કન્સલ્ટન્ટ) અને **સુશ્રી અનુરાધા પતી** ('ઉન્નતિ') દ્વારા તૈયાર કરાયો છે.

## પરિસ્થિતિ

૨૬મી જાન્યુઆરી-૨૦૦૧ના રોજ આવેલા ભૂકંપે લોકોને ભારે લાચારીની પરિસ્થિતિમાં મૂકી દીધા હતા. નિરાધાર સ્ત્રીઓની સ્થિતિ તેમાં સૌથી ખરાબ હતી. સ્ત્રીની આંખે આ સ્થિતિને જોવી જરૂરી છે. આપત્તિ પછીનું પોતાનું કુટુંબ ગુમાવ્યા પછીનું જીવન તેને ભારે નબળાઈની સ્થિતિમાં મૂકી દે છે. ખાસ કરીને નીચી જ્ઞાતિની સ્ત્રીઓ તથા રોજમદાર સ્ત્રીઓ સામાન્ય સ્થિતિમાં પણ ભારે શોષણ હેઠળ જીવતી હોય છે. આપત્તિના સમયે તેમની સ્થિતિ વધારે વણસે છે.

ભૂકંપના ચાર માસ બાદ ભચાઉ અને આસપાસનાં ગામોમાં એકાકી સ્ત્રીઓની સ્થિતિ તપાસવા આ અભ્યાસ હાથ ધરાયો હતો. અમે ભૂકંપ પહેલાંની વિધવાઓ અને ભૂકંપ પછી બનેલી વિધવાઓ સહિતની એકાકી સ્ત્રીઓને મળ્યા. આ અહેવાલમાં ભચાઉ નગરની નગરમાં જ સ્થાયી થયેલી વિધવાઓની વાત કરી છે. તેઓ શહેરી સમાજના ભૌતિક, આર્થિક અને સામાજિક કિનારા પર જીવે છે. વિકલાંગ અને વૃદ્ધ સ્ત્રીઓની હાલત વધારે ખરાબ છે. અભ્યાસમાં કેટલાંક ગામોનો પણ સમાવેશ કરાયો છે.

સમાજના કેટલાક વર્ગોની નબળાઈને સામાજિક-રાજકીય સંદર્ભમાં જોવાવી જોઈએ એમ અમને અભ્યાસ દરમ્યાન જણાયું છે. નબળાઈ માટેનું મૂળ મહિલાઓના ઊતરતી કક્ષાના દરજ્જામાં છે. સામાજિક અવરોધો પણ સ્ત્રીઓની ગતિશીલતાને મર્યાદિત કરી દે છે તેથી જીવનરક્ષક માહિતી, આવાસ કે રાહત સામગ્રી તેમને મળતાં નથી. પતિનું મૃત્યુ થયા બાદ છ મહિના સુધી રબારી સ્ત્રીઓ ઘરની બહાર નીકળતી નથી. તેને લીધે તેમને રાહત સામગ્રી મેળવવામાં મુસીબત પડે છે. રાહત અને પુનર્વસનનું કામ કરતી સંસ્થાઓ પણ તેમના સુધી પહોંચી શકતી નથી. ભારતીય સમાજમાં પ્રવર્તમાન સામાજિક ભેદભાવોને પરિણામે પાયાની જરૂરિયાતો માટે તેઓ કુટુંબના અન્ય સભ્યો પર આધારિત બની ગઈ અને સતામણીનો ભોગ બની.

અમને બધે જ પુરુષોનું આધિપત્ય દેખાયું. પ્રાપ્યતા અને પહોંચની બાબતમાં પુરુષોનું વર્ચસ્વ હોય તો સ્ત્રીઓની ક્ષમતા ઘટે છે. આપત્તિના સમયમાં તેમની જરૂરિયાતો પર ધ્યાન અપાતું નથી. રાહત તેથી ખોટી જગ્યાએ પહોંચે છે, કુટુંબની જરૂરિયાત કરતાં વ્યક્તિગત હિત અગત્યનું બની જાય છે. તેમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ કામ કરે છે. કુટુંબના પુરુષ વડાઓને નાણાં અપાય છે તો સ્ત્રીને રાહત કે પુનર્નિર્માણના કામમાંથી નાણાં મળવાનું મર્યાદિત બની જાય છે.

જો કે, સ્ત્રીઓએ બીજાઓની કાળજી લેવાની જવાબદારી સુપેરે નિભાવી. તેનાથી સ્ત્રીઓનું લાગણીપ્રધાન કામ વધ્યું અને ભૌતિક કામ પણ વધ્યું. આમ છતાં તેમને આર્થિક સ્થિરતા મળતી નથી. સ્ત્રીઓએ જાતીય અને ઘરેલૂ હિંસાનો ભોગ તો બનવું જ પડતું હોય છે. પણ આપત્તિ પછીની ગૃહનિર્માણની નીતિઓ અથવા જાહેર આરોગ્યના પ્રયાસોમાં તેને ગણતરીમાં લેવાતી નથી.

સ્ત્રીઓને જ્યારે બાળપણથી વિવિધ પ્રકારના શોષણનો ભોગ બનવું પડતું હોય છે તેથી ભૂકંપ જેવી મોટી આપત્તિ સમયે તેઓ વધારે નબળી બને છે. આપત્તિ પછી તેમની જાતીય સતામણી પણ થતી હોય છે. ભૂકંપ પછીના તરતના સમયમાં પણ સ્ત્રીઓને સળગાવી દેવાના કિસ્સા બન્યા હતા. તે આત્મહત્યામાં ખપાવતા હતા કે જેથી વળતર મળે. સ્ત્રીઓ સામેના ખતરા ઘટાડવા અને તેમની જરૂરિયાતો પરિપૂર્ણ કરવી એ મોટી ચિંતાનો વિષય છે. 'ઉન્નતિ'એ સમુદાયની સામાજિક રખેવાળીની પ્રક્રિયા શરૂ કરી. તેમાં સમગ્ર સમુદાય એકાકી સ્ત્રીની કાળજી લેવાની જવાબદારી ઉઠાવે છે.

સાંસ્કૃતિક પિતૃસત્તાક માન્યતાઓ ઘણી મહત્ત્વની હોય છે અને સમાજના વિચારો પર તેનો પ્રભાવ હોય છે. આપત્તિના સમયે પણ રીતરિવાજોને વળગી રહેવાનું વલણ હોય છે જ. મૃત્યુ પછીના તમામ રિવાજો, ખાસ કરીને પતિના મૃત્યુ પછી ઉપવાસ વગેરે અમાનવીય છે. સમાજની અન્ય સ્ત્રીઓ પણ આ રિવાજોના પાલન પર ભાર મૂકે છે અને વિધવાઓ અને એકાકી સ્ત્રીઓની જિંદગી વધારે મુશ્કેલ બની જાય છે. જે સ્ત્રીએ પોતાનું જીવન એકલા જ જીવવાનું છે તે સ્ત્રી માટે સામાજિક ધોરણો સામે લડવાનું મુશ્કેલ બની જાય છે. તેવે

વખતે આપત્તિનાં આઘાત અને ચિંતા તો હોય છે જ. ભૂકંપ જેવી વધારે વિનાશક અને કશીય ધારણા સિવાય આવતી આપત્તિના સંદર્ભમાં તો આવું વિશેષ બને.

### નબળાઈનું વિતરણ

વિભિન્ન સમાજોની વચ્ચે અને દરેક સમાજની અંદર નબળાઈનું વિતરણ જુદી જુદી રીતે થયેલું હોય છે. ગરીબ દેશોમાં ગરીબો પર જોખમ વધારે છે. કોઈક સમાજમાં લોકો પાસે સંસાધનો કેટલાં છે, તેના પર તેમનું નિયંત્રણ છે કે નહિ વગેરે બાબતોની સાથે સાથે ઉંમર, સ્ત્રી-પુરુષ ભેદભાવ, સાંસ્કૃતિક જૂથ, શારીરિક ક્ષમતા અને નાગરિકનો દરજ્જો પણ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આર્થિક અસલામતીના સંદર્ભમાં વૃદ્ધો, વિકલાંગો, ન નોંધાયેલા મજૂરો, ઘરવિહોણાઓ અને શેરીઓમાં રખડતાં બાળકો વધારે નબળાં હોય છે. મહિલાઓ તો હોય જ. ખાસ કરીને વિધવાઓની સ્થિતિ સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભ સાથે વધારે ખરાબ બને છે. અમે આ સ્ત્રીઓની પુનર્વસનની પ્રક્રિયામાં સમાજ કે સરકાર દ્વારા અવગણના ના થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું:

### સાંસ્કૃતિક નબળાઈ

લગ્ન અને અન્ય સામાજિક રિવાજો સ્ત્રીઓને પિતા-પતિ કે ભાઈ પર અવલંબિત બનાવે છે. ઘણાં ઘરોમાં સ્ત્રીઓ કમાણી કરવા બહાર નીકળતી જ નથી. સ્ત્રીઓની ક્ષમતામાં કોઈને વિશ્વાસ નથી, મિલકતના સંચાલનનો અધિકાર તેને નથી. પતિ, પુત્ર, સાસરિયાં જ તેને સંસાધનો મળવા દેતાં નથી. પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની તેને સત્તા હોતી નથી. વિધવાઓ માટે સ્થિતિ વધારે ખરાબ હોય છે. સ્ત્રીના નેતૃત્વવાળાં કુટુંબો છે ખરાં, પણ તેમને પજવવામાં આવે છે. સગાંઓ અને પડોશીઓ તેમને શારીરિક અને સામાજિક રીતે સતાવે છે. વિધવાઓને મિલકતનો અધિકાર હોતો નથી. ભચાઉના અંબિકાનગર અને સીતારામપુરમાં વિધવાઓએ પોતાની મિલકતો એ જ રીતે ગુમાવી છે. આ વિસ્તારોના મોટા ભાગના લોકો ખુલ્લામાં બાંધેલા તંબુમાં જતા રહ્યા છે. ચાર વર્ષ પહેલાં ત્યજી દેવાયેલી એક મુસ્લિમ સ્ત્રી કુલસુમબહેન કચરાના ઢગલા વચ્ચે તદ્દન અનારોગ્યપ્રદ સ્થિતિમાં જીવે છે. તેને બીક છે કે જો તે સારો તંબુ લેશે તોય બધાનું ધ્યાન ખેંચાશે અને પછી બધા તેને સતાવશે. જ્યારે અમે તેને માટે સારા તંબુની વ્યવસ્થા કરી ત્યારે એક રાતે તે તંબુ વેચીને ભાગી ગઈ. પછી તે ફરી દેખાઈ જ નથી.

વિધવાને નામે જે વળતર મળ્યું હોય તે સગાંઓએ કે સાસરિયાંએ લઈ લીધું હોય એવા કિસ્સા પણ છે. તેઓ તેમના વાલી છે અથવા તેઓ તેમને આશ્રય આપે છે એવાં બહાનાં તેઓ કાઢે છે.

#### મીઠીબહેન

બાળપણથી તેમને લકવા થયેલો છે અને તેઓ બરાબર ચાલી શકતાં નથી. ઘરનું કામ કરી લે છે. તેમના પતિ દહાડિયા મજૂર તરીકે કામ કરતા હતા. તેમને ત્રણ બાળકો છે. બે દીકરા અને એક દીકરી. સૌથી મોટું બાળક ૧૧ વર્ષનું છે. તેની આવકમાંથી બધા ખાય છે. પતિ જે ઘર બંધાતું હતું તે તૂટી પડતાં માર્યા ગયા. પતિના ભાઈ છે, તેમના પોતાના ભાઈઓ પણ છે. પણ કોઈ મદદે આવ્યું નથી. તેઓ એકલા જ જીવે છે અને પોતાના તથા પોતાનાં બાળકોના ભરણપોષણ વિશે તેમણે વિચારવાનું છે.

#### લક્ષ્મીબહેન

તેમના પતિ મીઠાના કારખાનામાં કામ કરતા હતા. તેમનું ઘર તૂટી પડ્યું. તેઓ અને તેમનાં બાળકો બચી ગયાં. તેમના પતિને છાતીમાં વાગ્યું અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તેમનું મૃત્યું થયું. તેમને પાંચ બાળકો છે. સૌથી મોટી દીકરી ૧૨ વર્ષની છે. તેમના પતિનો એક મહિનાનો પગાર માલિકે તેમને આપ્યો છે. કમાણી કરવા માટે તેમણે કદી કોઈ પ્રયાસ કર્યો નથી. ત્રણ દીકરીઓ છે. સૌથી નાનો બાબો માત્ર ૬ માસનો જ છે.

#### આજીબહેન

થોડાં વર્ષો પહેલાં આજીબહેન અને રમેશભાઈ તેમના પોતાના ઘરમાં રહેવા ગયાં. તેમને પાંચ વર્ષની દીકરી હતી. આજીબહેનના જેઠ તેમની નજીક જ રહેતા હતા. કુટુંબમાં તેઓ સૌથી નાનાં વહુ હતાં. રમેશભાઈ ભૂકંપમાં ગુજરી ગયા. સરકાર તરફથી તેમને એક લાખ રૂપિયાનું વળતર મળ્યું. જેઠે આજીબહેનને બેંકમાં સંયુક્ત ખાતું ખોલાવવાની ફરજ પાડી. એમ કહેવાયું કે તેથી નાણાં સલામત રહેશે અને આજીબહેન પોતાની દીકરીને મૂકીને ભાગી નહિ જાય.

#### પુષ્પાબહેન

પુષ્પાબહેનની વિધવા મા નાની ચીરાઈમાં પોતાના દીકરા સાથે રહે છે. ત્રણ વર્ષ પહેલાં પુષ્પાબહેનનાં લગ્ન થયાં હતાં. તેમને દોઢ વર્ષની દીકરી હતી અને ભૂકંપના દિવસે નવ દિવસનો દીકરો હતો. પતિ ભૂકંપમાં માર્યા ગયા. ભાઈ રાખે તેમ નહોતો એટલે પતિના ઘેર જવું પડે તેમ હતું. સાસરિયામાં મિલકત સંયુક્ત નામે હતી. પતિ જીવતા હતા ત્યાં સુધી તો બધું બરાબર હતું. હવે એવું જ રહેશે ખરું? તેમણે આવકનું સાધન શોધવાનું છે.

દરબાર વિધવાઓની સમસ્યા કંઈક જુદા જ પ્રકારની છે. પિતૃસત્તાક વ્યવસ્થા તેમનાં કુટુંબોમાં ખૂબ મજબૂત છે. પણ ભૂકંપ પછી સ્ત્રીના નેતૃત્વ હેઠળનાં કુટુંબો પણ બન્યાં છે. આ સ્ત્રીઓ કોઈ સંસાધનો કે સહાય ના મળે તે માટે દરબાર સમુદાય જ ભારે દબાણ કરે છે. મદદ માગવી એ તેમના ગૌરવને હાનિ પહોંચાડે છે એમ પુરુષો માને છે. વિધવા બહાર નીકળી શકતી નથી અને સહાય મેળવી શકતી નથી. તેને માટે ઘૂંઘટો કાઢવો ફરજિયાત છે. પુનર્વસન માટે જરૂરી સંસાધનો તે આસાનીથી મેળવી શકતી નથી. સ્ત્રીઓ પોતે પણ આ રિવાજોને વાજબી ગણે છે એ એક કમનસીબી બાબત છે. તેમનું સમાજીકરણ જ એ પ્રકારે થયું છે અને તે મજબૂત છે.

### સામાજિક નબળાઈ

ભચાઉમાં ૨૫૪ વિધવાઓ છે. તેમાં ૨૦થી ૪૦ની વયની ૨૩ ટકા અને ૪૧થી ૬૦ની વયની ૫૫ ટકા છે. ૨૨ ટકા ૬૧થી ઉપરની વયની છે. ૧૩ ટકા વિધવાઓને સરકારનું રૂ. ૧ લાખનું વળતર મળ્યું છે. ૪ ટકા એકાકી સ્ત્રીઓ ૨૦થી ૪૦ વર્ષની છે. તે વિધવાઓ છે, અથવા તો અપરણિત છે. તેમનું અપમાન કરાય છે અને તેમની સતામણી થાય છે. રાતે તેમના ઘરનાં બારણાં ખખડાવાય છે, ઘર પર પથ્થર ફેંકાય છે. તેમની કોઈ સલામતી નથી. તેમને માટે સલામત નિવાસ સૌથી વધુ પ્રાથમિકતાની બાબત છે.

### આર્થિક નબળાઈ

દુનિયાભરમાં સ્ત્રીઓ પુરુષો કરતાં ગરીબ છે. વિધવાઓની સ્થિતિ વધારે ખરાબ છે. ભચાઉમાં માત્ર ૩ ટકા વિધવાઓ જ સાક્ષર છે. મોટા ભાગની વિધવાઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. ભૂકંપ પહેલાં ૭૧ ટકા વિધવાઓ ઘરની બહાર કામ કરતી હતી. જ્યારે ૨૯ ટકા વિધવાઓ કમાણીનું કામ કરતી નહોતી. મોટા ભાગની સ્ત્રીઓ મીઠાનાં કારખાનાંમાં કામ કરે છે અથવા ઘરોમાં કામવાળી તરીકે કામ કરે છે. થોડીક વિધવાઓ ખેતીની ઋતુ હોય ત્યારે ખેત મજૂર તરીકે કામ કરે છે. જો કે, ભૂકંપ પછી માત્ર ૧૯ ટકા જ કંઈક કમાણી કરે છે.

૬૨ ટકા વિધવાઓને નાનાં બાળકો છે. ભચાઉમાં ભૂકંપના ત્રણ માસ પછી સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓની આવક ઘટી ગઈ છે. તેમણે હવે બાળકોની કાળજી લેવા ઘરમાં જ રહેવું પડે છે. ભૂકંપ પછી આમેય રોજગારીનું સ્વરૂપ બદલાયું છે. સ્ત્રીઓને કામે ચઢતાં પુરુષો કરતાં વધારે સમય જાય છે. કામવાળી તરીકેનું કામ તેમણે ગુમાવી દીધું છે. ઘરો જ નથી તો કામ કેવી રીતે મળે? પુરુષો બાંધકામની પ્રવૃત્તિમાંથી રોજગારી મેળવે છે પણ સ્ત્રીઓને તેમાંથી રોજગારી નથી મળતી. કામના નવા સ્થળે જવાનું અથવા અજાણ્યા પુરુષો સાથે કામ કરવાનું વિધવાઓ માટે મુશ્કેલ છે. પુરુષોમાં સ્થળાંતર ખાસ્સું વધ્યું છે. પણ વિધવાઓ સ્થળાંતર કરી શકતી નથી. તેમની પાસે નથી માહિતી કે નથી બજાર કે નથી સંસાધનો.

### ઉત્પાદક અસ્કામતોનું નુકસાન

સ્ત્રીઓ આર્થિક રીતે અસલામત હોય છે. તેથી આપત્તિ પછીના સમયમાં તેમને નાણાકીય સહાયની જરૂર વધી જાય છે. સ્વરોજગારી મેળવતી અને ઘેર કામ કરતી સ્ત્રીઓએ તો કામનું સ્થળ અને પુરવઠો ભૂકંપમાં ગુમાવ્યાં છે. તેમાંથી મોટા ભાગની અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. તેઓ નાની દુકાનોમાં, મીઠાના અગરોમાં કે કારખાનાંમાં કે કામવાળા તરીકે કામ કરે છે. ભૂકંપ પછી માત્ર ૧૯ ટકા વિધવાઓને જ કામ મળી શક્યું છે. આરંભમાં જે પૈસા મળ્યા તે ખલાસ થઈ ગયા છે. ઘરેલૂ ચીજો ખલાસ થઈ રહી છે. વાસણો અને જરઝવેરાત વેચાઈ ગયાં છે.

### સંભવિત જીવનનિર્વાહ

આ વિધવાઓની કુશળતા મર્યાદિત છે, સવલતો અને સંસાધનો મેળવવાની તેમની તાકાત ઓછી છે. તેથી તેમની નિર્બળતા વધે છે. જીવનનિર્વાહની વૈકલ્પિક વ્યવસ્થા માટે નીચેના મુદ્દાઓ વિચારવા જોઈએ. પાણી, અગર, ઘાસચારો જેવાં સંસાધનો સ્ત્રીઓના આર્થિક પુનર્વસન માટે જરૂરી છે. અમે ઘરેલૂ મહિલા કામદારો અને સ્વરોજગાર પ્રાપ્ત કારીગરોને લોન અને અનુદાન આપ્યાં છે કે જેથી તેઓ સાધનો અને કામનું સ્થળ મેળવી શકે. પછી તેમને ધિરાણ, પુરવઠો, બજાર, મૂડી વગેરે મળે. મહિલાઓ બજાર માટે કામ કરતી જ નહોતી. તેથી આપત્તિ પછી મહિલાઓ માટે મર્યાદિત રોજગારી ઊભી થઈ શકે છે અને કામની તકો ઊભી કરી શકાય છે. ભરતકામને વૈકલ્પિક રોજગારીના એક સાધન તરીકે 'ઉન્નતિ'એ વિકસાવ્યું છે. સ્ત્રીઓનું કામ ઘણી વાર સામાજિક દૃષ્ટિએ અદૃશ્ય હોય છે. પણ કુટુંબ માટે તેમની આવક સર્જનની અને જીવનને ટકાવવાની પ્રવૃત્તિઓ અનિવાર્ય છે. આર્થિક પુનર્નિર્માણનું અને પુનર્વસનનું આયોજન તમામ વયની અને તમામ સામાજિક જૂથોની સ્ત્રીઓ માટે જરૂરી છે. તેમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ:

(૧) સ્ત્રીઓ પાસેની કુશળતા. ગ્રામ વિસ્તારોમાં વિધવાઓ હસ્તકળાની કુશળતા ધરાવે છે. જો કે, તેઓ શહેરોમાં ઘરકામ જ કરતી હોય છે.

(૨) આવક સર્જનની સામાન્ય યોજનાઓ લાદવી નહિ. સ્ત્રીઓ કંઈક નવું કરવાનો બોજો ઉઠાવવા આપત્તિ સમયે તૈયાર હોતી નથી.

(૩) પુનર્રચનાના કામમાં મહિલાઓને સામેલ કરવી. લાંબા ગાળાના આર્થિક પુનરુત્થાનને ટેકો આપવો.

**જુઓ પૃષ્ઠ ૧૧**

# સંદર્ભ સાહિત્ય

## વિસ્થાપનકી ત્રાસદી

આ નાનકડી હિંદી પુસ્તિકા મોટા બંધોથી થતા વિસ્થાપનના પ્રશ્નોને ઉજાગર કરે છે. પુસ્તિકા ત્રણ પ્રકરણોમાં વહેંચાયેલી છે. મધ્ય પ્રદેશમાં જે ગાંધીસાગર યોજના બની તેનાથી લોકોના થયેલા વિસ્થાપન અને તેને લીધે ઊભા થયેલા પ્રશ્નો વિશેની છણાવટ તેમાં કરાઈ છે. ભારતના મોટા બંધોની વિગતો તેમાં આપવામાં આવી છે અને પર્યાવરણવિદો તથા સમાજશાસ્ત્રીઓ શા માટે આ મોટા બંધોનો વિરોધ કરે છે તેનાં કારણો પણ તેમાં આપવામાં આવ્યાં છે. ચંબલ ઘાટી વિકાસ પરિયોજનાના ભાગરૂપે ગાંધીસાગર યોજના બનાવવામાં આવી છે. આ યોજનાને લીધે કેટલાં ગામોનાં કેટલાં કુટુંબોની જમીન ડૂબમાં ગઈ અને તેમને ખરેખર કેટલું વળતર ચુકવાયું તેની વિગતો આપવામાં આવી છે. સરકારે જે કંઈ વચનો વિસ્થાપિતોને આપેલાં તેમાંનાં ઘણાં વચનો પાળવામાં આવ્યાં નથી. પુસ્તિકામાં કુલ ૧૧ નાના કોઠાઓમાં આંકડાકીય વિગતો આપવામાં આવી છે. આ ગાંધીસાગર યોજનાનો લાભ મધ્ય પ્રદેશ અને રાજસ્થાન બંનેને મળે છે તેથી બે રાજ્યો વચ્ચેની તુલના પણ તેમાં કરાઈ છે. ગાંધીસાગર યોજના સામાજિક અને પર્યાવરણીય અસંતુલન વધારનારી યોજના કેવી રીતે બની છે અને મહિલાઓ, અનુસૂચિત જાતિઓ અને અન્ય નબળા વર્ગો પર વિસ્થાપનની કેવી વિપરીત અસર પડી છે તેની આ પુસ્તિકામાં વિશદ શાસ્ત્રીય છણાવટ કરવામાં આવી છે. પ્રકાશક: દિશા સંવાદ, પોસ્ટ: રોહના, જિ: હોશંગાબાદ, મધ્ય પ્રદેશ-૪૬૧૦૦૧. પૃ: ૫૬. સહયોગ રાશિ: રૂ. ૨૦.

## બાઘકે બચ્ચે હૈં હમ

૨૨ પાનાંની આ પુસ્તિકાના લેખકે ખાનદેશ એટલે કે મહાષ્ટ્રના ધૂળિયા અને નંદુરબાર જિલ્લાના આદિવાસીઓ સાથે ‘શ્રમિક સંઘટના’ના નેજા હેઠળ કામ કર્યું છે. લેખકે પોતાના કામની સાથે સાથે આદિવાસીઓના ઈતિહાસની પણ પૂછપરછ કરી અને તપાસ કરી. આ તપાસ પહેલાં એક મરાઠી પુસ્તિકા તરીકે પ્રકાશિત થઈ. તેનો આ અનુવાદ છે. તેમાં ખાનદેશ અને તેની આસપાસના આદિવાસી વીરોનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. પુસ્તિકામાં ૧૦ પ્રકરણ છે. ખાજ્યા નાઈક, ભાગોજી નાઈક, તાત્યા ભીલ, ગુલા મહારાજ અને અંબર દાદા જેવા આદિવાસી વીરોની જીવનકહાણી તેમાં અપાઈ છે. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન અને તે પછી આ આદિવાસી વીરનાયકોની શી ભૂમિકા રહી તેની વિગતો તેમાંથી મળે છે. અંગ્રેજોએ આદિવાસીઓની શી સ્થિતિ કરી અને તેમના સૌથી મહત્ત્વના કુદરતી સંસાધન એવાં વનોથી તેમને કેવી રીતે અલગ કરી દીધા તેની આછીપાતળી ઝાંખી પણ આ પુસ્તિકામાંથી મળે છે. પુસ્તિકાના લેખનમાં અનેક સંશોધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિભિન્ન આદિવાસી સમાજોના ઈતિહાસ વિશે અનેક ગેરસમજો ફેલાઈ છે અને હજુ પણ ફેલાઈ રહી છે. ત્યારે આ નાનકડી ઈતિહાસ પુસ્તિકા સાચી દિશાનું કદમ બને છે. લેખક: દીનાનાથ મનોહર. અનુવાદ: જયશ્રી. પ્રકાશક: દિશા સંવાદ, પોસ્ટ: રોહના, જિલ્લો: હોશંગાબાદ, મધ્ય પ્રદેશ-૪૬૧૦૦૧.

## બોલ બસંતો

આ કાનૂની સાક્ષરતાના ઉદ્દેશથી બનાવવામાં આવેલી દસ ભાગની એક ધારાવાહિક ફિલ્મ છે. આ ધારાવાહિક આપણા જીવનમાં રોજેરોજ ઊભા થતા સામાજિક કાનૂની પ્રશ્નોને સમજવાનો એક પ્રયાસ છે. આ ધારાવાહિક બસંતો નામના એક સમજદાર અને ખુદ્દાર જૂનાં કપડાંના બદલામાં વાસણ વેચનારી સ્ત્રી, સમાજસેવાની ભાવનાથી પ્રેરિત વકીલ સત્યવ્રત અને જીવનની તમામ સમસ્યાઓથી ઘેરાયેલી લાજોની આસપાસ ઘૂમે છે. કાયદાઓની જાણકારીથી બસંતો અને લાજો કેવી રીતે સક્ષમ બને છે તેની વાત આ શ્રેણી કરે છે. બે વિડિયો કેસેટ્સમાં આ દસ ભાગની શ્રેણી વણાયેલી છે. પ્રથમ વિડિયો કેસેટમાંના પાંચ ભાગ આ મુજબ છે: (૧) તો ક્યા હોતા જી! આ ભાગ કાયદો શું છે તે સમજાવે છે. (૨) ઐસે હોતી હૈ શાદી. આ ભાગ્ય કાયદેસરના અને ગેરકાયદેસરના લગ્ન વિશે વાત કરે છે. (૩) રોતી યે ધરતી દેખો. તેમાં દહેજ વિશેની વાત વણી લેવાઈ છે. (૪) કબ તલક સહેતી રહેં. તેમાં છૂટાછેડા અને ભરણપોષણની વાત છે. (૫) અપના હક અપની જમીન. આ ભાગમાં સંપત્તિ અને વારસાના અધિકારો વિશે માહિતી અપાઈ છે. બીજી વિડિયો કેસેટમાંના બીજા પાંચ ભાગ આ મુજબ છે: (૧) કહાની જો આંખો સે બહી. આ ભાગમાં બળાત્કાર અને અપહરણ વિશેની વાત કહેવામાં આવી છે. (૨) ઔર પુલિસ પર ભી. આ બીજો ભાગ પોલિસના કર્તવ્ય અને લોકોના કાયદાકીય અધિકારો વિશે વાત કરે છે. (૩) મજદૂરી કી રાહ. આ ભાગ મજૂર કાયદાઓ અને અકસ્માતના કિસ્સામાં વળતરના હકો વિશે વાત કરે છે. (૪) જુગત કરો જીનેકી. આ ભાગ વેઠ મજૂરી, બાળ મજૂરી, અસ્પૃશ્યતા પર પ્રતિબંધ, કોન્ટ્રેક્ટ મજૂરી વગેરે વિશેના કાનૂનોની માહિતી આપે છે. (૫) ઔર કિતને દિન.

તેમાં બસંતોની વિકાસ યાત્રા કાનૂની સહાયતાથી કેવી રીતે શક્ય બને છે તેની વાત કરાઈ છે. આ ફિલ્મોનો ઉદ્દેશ ચાર દિવાલોની અંદર છુપાયેલી સચ્ચાઈને બહાર લાવવાનો છે કે જેથી તેને વિશે આપણા સમાજમાં ચર્ચા થાય, વિચાર મંથન થાય અને છેવટે પરિવર્તન આવે. પ્રાપ્તિસ્થાન: કાનૂની સાક્ષરતા કાર્યક્રમ, માર્ગ (મલ્ટિપલ એક્શન રિસર્ચ ગ્રૂપ), ૧૨૫, શાહપુર જાટ, નવી દિલ્લી-૧૧૦૦૪૯, ફોન: ૬૪૯૭૪૮૩, ૬૪૯૫૩૭૧, ઈ-મેઈલ:marg@de12.vsnl.net.in

## પ્રોબાયોટિક સજીવ ખાતર પદ્ધતિ

આ પુસ્તકનું આખું નામ છે: 'બિનપિયત સજીવ કૃષિમાં મબલખ પાક માટે પ્રોબાયોટિક સજીવ ખાતર પદ્ધતિ અને તેના ખેડૂત-પ્રયોગોનાં પરિણામ.' આ પુસ્તકના પહેલા ભાગમાં પ્રોબાયોટિક સજીવ ખાતર પદ્ધતિ સહેલાઈથી સમજાય તે માટે જરૂરી માહિતી આપવામાં આવી છે. આ માહિતીથી ખેડૂતો અને તેમનાં જૂથો કે મંડળીઓ મૂડી રોકાણ માટે નાણાકીય વ્યવસ્થા કરવા માટે પગલાં ભરી શકશે. પુસ્તકના બીજા ભાગમાં અમુક ખેડૂત-પ્રયોગોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. તેમાં પ્રોબાયોટિક ખાતરના વપરાશની વિવિધ અસરો અને લાભો અંગે રજૂઆતો થઈ છે. 'શોધ અને રચનાંત્રણ સંસ્થા' (ઈષ્ટ) દ્વારા ૧૪ વર્ષ પહેલાં સજીવ ખાતર બનાવવાનું સંશોધન ચાલુ કરાયું. તેના પ્રયાસો સફળ થયા અને પ્રોબાયોટિક સજીવ ખાતર પદ્ધતિ સ્થાપિત થઈ. છેલ્લાં ૧૨ વર્ષમાં ગુજરાતના ૬ જિલ્લાનાં ૨૦ ગામોના ૨૦૦ ખેડૂતોએ ૪૦થી વધારે પિયત અને બિનપિયત પાકોમાં પ્રયોગ કરીને આ પદ્ધતિની ચકાસણી અને સુધાર કર્યો છે. હવે આ પદ્ધતિનો મોટા પાયે અમલ કરવાની સ્થિતિ આવી ગઈ છે, એમ 'ઈષ્ટ' માને છે. ૮૮ પાનાંના આ પુસ્તકમાં ૨૦ પ્રકરણ છે. તેમાં કયા વિસ્તારમાં કયા સંજોગોમાં પ્રોબાયોટિક સજીવ ખાતર કયા પાકમાં કેટલા પ્રમાણમાં વાપરવામાં આવ્યું અને તેનાથી હેક્ટર દીઠ કેટલો લાભ થયો તેની વિગતો કોઠાઓ અને ફોટાઓ સાથે આપવામાં આવી છે. સંશોધનમાં રસ ધરાવતા સૌ વાચકો, કૃષિ વિજ્ઞાનીઓ અને વહીવટદારો પણ આ માહિતીથી પ્રોબાયોટિક ખાતર પદ્ધતિની ઉપયોગિતા વિશે તેમના પોતાના અભિપ્રાય બાંધી શકશે. ખેતીના ક્ષેત્રે અને જીવનનિર્વાહના ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓને આ પુસ્તક ખાસ ઉપયોગી થાય તેમ છે. લેખક: જગદીશ નૈઝરથ. અનુવાદક: પિનાકિન છાયા. પ્રાપ્તિસ્થાન: 'શોધ અને રચનાંત્રણ સંસ્થા', ૧, રાજલક્ષ્મી ભવન, નવા ગાયત્રી મંદિર સામે, જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન: ૭૫૫૯૦૬૦, ૭૫૫૯૦૬૭, ૭૫૫૭૫૩૭.

## મહિલાઓંકી ગવાહી

ગુજરાતમાં લઘુમતી સમુદાયની મહિલાઓ પરની હિંસાનું આકલન કરવા માટે દિલ્લી, બેંગલોર, તામિલનાડુ તથા અમદાવાદની મહિલાઓની છ સભ્યોની ટુકડીએ ૨૭મી માર્ચથી ૩૧મી માર્ચ, ૨૦૦૨ દરમ્યાન ગુજરાતનો પ્રવાસ કર્યો. આ તપાસનો હેતુ હકીકતો એકત્ર કરવાનો અને તેનું વિશ્લેષણ કરવાનો હતો કે જેને આધારે ગુજરાતમાંની હિંસાના સ્વરૂપને ઓળખી શકાય. આ તપાસનો અહેવાલ આ પુસ્તકમાં છે. આ પુસ્તકમાં પાંચ પ્રકરણો છે: (૧) મહિલાઓ પ્રત્યે જાતીય હિંસા. (૨) મહિલાઓના અનુભવનું રાજ્યનું સ્વરૂપ. (૩) શિબિરોની મુલાકાત. (૪) આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોનું ઉલ્લંઘન. (૫) નિષ્કર્ષ અને ભલામણો. અંતે બે ભાગમાં પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. પહેલો ભાગ મહિલાઓ પ્રત્યેની જાતીય હિંસા અંગેનો છે. તેમાં પાંચ મહિલાઓનાં બયાન છે અને 'સંદેશ' તથા 'ગુજરાત સમાચાર' અખબારમાં પ્રકાશિત કેટલાક અંશો છે. બીજા ભાગમાં રાજ્યસત્તા વિશેનો મહિલાઓનો અનુભવ છે. તેમાં અમદાવાદના નરોડા વિસ્તારનાં ધારાસભ્ય માયા કોડનાની, સાંબરકાંઠા જિલ્લાના લક્ષ્મીપુરા ગામનાં સરપંચ નથીબહેન અને ચિથરોડા ગામના સરપંચ કેશુભાઈ પટેલની મુલાકાતોની વિગતો અપાઈ છે. ગુજરાતમાં રમખાણો દરમ્યાન મહિલાઓની જે સ્થિતિ થઈ તેનો ચિતાર ૬૦ પાનાંના આ હિંદી પુસ્તકમાંથી મળે છે. પ્રાપ્તિસ્થાન: ગગન સેઠી, ફોન: ૦૭૯-૬૮૫૬૬૮૫, ઈ-મેઈલ: janvikas_eg@icenet.net

## નારીસૃષ્ટિ: બંધન અને મુક્તિ, સ્ત્રી સપ્તક, એક નવું આકાશ

આ ત્રણેય પુસ્તકો ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગનાં પ્રાધ્યાપિકા સુશ્રી ગીતા ચાવડાએ લખેલાં છે. તે એક રીતે નારીવાદત્રયી તરીકે ઓળખી શકાય તેમ છે. સ્ત્રીઓની સમસ્યાઓનાં વૈચારિક પાસાંની ઓળખ તેમાંથી મળે છે અને સ્ત્રીમુક્તિ માટેના અભિગમોની ચર્ચા મળે છે. 'નારી સૃષ્ટિ: બંધન અને મુક્તિ' પુસ્તક ૧૩૬ પાનાનું છે. તેમાં ૧૦ પ્રકરણો છે. સ્ત્રી તાબેદારીના ખ્યાલ અને સ્ત્રીની મુક્તિ વિશેના વિવિધ નારીવાદી સિદ્ધાંતોની ચર્ચા તેમાં કરવામાં આવી છે. ઉદારમતવાદી નારીવાદ, માર્ક્સવાદી નારીવાદ, ઉદ્દામવાદી નારીવાદ, નારીવાદી આધ્યાત્મિકતા, મનોવિશ્લેષણવાદી નારીવાદ, સમાજવાદી નારીવાદ, અસ્તિત્વવાદી નારીવાદ, અનુઆધુનિક નારીવાદ અને નારીવાદના ક્રમિક વિકાસ વિશે આ પુસ્તકમાં વિશદ ચર્ચા કરવામાં આવી છે. નારીવાદીઓના વિવિધ સિદ્ધાંતો તેમાં સરળ ભાષામાં સમજાવાયા છે અને ભારતની પ્રવર્તમાન સ્થિતિમાં તેમની ઉપયોગિતા અને પ્રસ્તુતતાની ચર્ચા પણ તેમાં કરાઈ છે.

'સ્ત્રી સપ્તક' સ્ત્રીને સ્પર્શતા સાત લેખોનું સંકલન છે. તે ૧૬૧ પાનાંનું પુસ્તક છે. સ્ત્રી તાબેદારી અને પિતૃસત્તાની વિભાવના, ભારતીય સંદર્ભમાં સ્ત્રીનો જાતીય વ્યવહાર અને ધર્મ, ભારતમાં માળખાકીય અનુકૂલન નીતિની સ્ત્રીઓ પર અસર, ભારતમાં સ્ત્રીઓ

માટેનું રાષ્ટ્રીય વ્યવસ્થાતંત્ર, સ્ત્રી અને પર્યાવરણીય વિવાદ, ભારતીય સ્ત્રીનો દરજ્જો: ધાર્મિક-આધ્યાત્મિક પ્રેરણા તથા સમતા, વિકાસ અને નારીવાદ વિશે આ પુસ્તકમાં વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. આ પુસ્તકમાં સમાજ સુધારણા માટેનાં સ્વાતંત્ર્ય પૂર્વેનાં અને સ્વાતંત્ર્ય પછીનાં આંદોલનો વિશે પણ વિગતે ચર્ચા કરાઈ છે. આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પાસાંઓ સ્ત્રી તાબેદારી પર કેવી રીતે અસર કરી છે તે પુસ્તકના વાચનથી આસાનીથી સમજી શકાય છે. 'એક નવું આકાશ' પુસ્તક ૩૩૪ પાનાનું છે અને તેમાં લેખક નારીવાદને શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ચિંતન થકી જુએ છે. આ પુસ્તકનું બીજું અને ત્રીજું પ્રકરણ પ્રથમ પુસ્તકમાં છે જ. નારીવાદી વિચારોમાં આધ્યાત્મિકતાની પ્રસ્તુતતા, શ્રી અરવિંદની સામાજિક ફિલસૂફી, સ્ત્રી તાબેદારી અને મુક્તિ: શ્રી અરવિંદ અને શ્રી માતાજી, નારીવાદી સિદ્ધાંતોમાં આધ્યાત્મિકતાનું પ્રદાન અને એક નવું આકાશ વગેરે આ પુસ્તકમાં નવાં પ્રકરણો છે. છેલ્લા સાતમા પ્રકરણમાં વૈયક્તિક અધ્યયનો અને સમસ્યાઓના ઉપચારની પદ્ધતિઓ અપાયાં છે. ત્રણેય પુસ્તકોમાં અંતે આ વિષયની વિસ્તૃત સંદર્ભગ્રંથ સૂચિ અપાઈ છે જે આ જ વિષય પર વિશેષ અધ્યયન માટેની દિશા આપે છે. સ્ત્રીઓના વિકાસ માટે કામ કરતાં સંગઠનોના કાર્યકરોની વૈચારિક સફાઈ માટે આ પુસ્તકો ઉપયોગી બને તેમ છે. ત્રણેય પુસ્તકોની કુલ કિંમત રૂ. ૩૪૦. પ્રાપ્તિસ્થાન: અક્ષર ભારતી પ્રકાશન, ૫, રાજ ગુલાબ શોપિંગ સેન્ટર, વાણિયાવાડ, ભુજ-૩૭૦૦૦૧. ફોન: ૫૫૬૪૯.

## પૃષ્ઠ ૨૮નું શેષ

### ગ્રામ પંચાયતના સભ્યોનું ક્ષમતા વર્ધન

ગુજરાતમાં ડિસેમ્બર-૨૦૦૧ની ચૂંટણી પછી નવા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો માટે ૧૨ જેટલી એક દિવસની તાલીમ શિબિરો ગોઠવવામાં આવી. ચાર 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' દ્વારા 'વિકસત' અને એકેઆરએસપીના સહયોગથી આ શિબિરો ગોઠવાઈ હતી. તેમાં ૫૨ ગામોના સરપંચો અને ૩૩૩ પંચાયત સભ્યોએ ભાગ લીધો હતો. ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટે પ્રશિક્ષકોનો પ્રશિક્ષણ શિબિર ગોઠવાયો. તેમાં ૧૫ સંસ્થાઓના ૨૯ કાર્યકરોએ ભાગ લીધો હતો. તેનો હેતુ સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની ક્ષમતા વધારવાનો હતો કે જેથી તેઓ પછી પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ક્ષમતા વધારી શકે. સામાજિક ન્યાય સમિતિના સભ્યો નબળા વર્ગોના પ્રશ્નો ઉઠાવવા સક્ષમ બને તે માટે ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકામાં એક દિવસની તાલીમ શિબિરો ગોઠવવામાં આવી. જિલ્લાનાં ૮ સ્થાનિક સંગઠનો દ્વારા આ કામ આગળ ધપાવવા માટે એક 'સામાજિક ન્યાય મંચ'ની પણ રચના કરવામાં આવી છે.

રાજસ્થાનમાં ગોવિંદગઢ અને આસપુર પ્રદેશમાં સરપંચોની બીજા દોરની તાલીમ હાથ ધરાઈ. તેનો હેતુ ભેદભાવની સામાજિક સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને સરકારી યોજનાઓનો લાભ લેવાનો હતો.

### આપત્તિના સામનાની તૈયારી અને સંચાલનમાં પંચાયતોની ભૂમિકા

આપત્તિ સંચાલનમાં પંચાયતોની ભૂમિકા અંગે ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં પંચાયતોના પ્રતિનિધિઓ સાથેના સહયોગમાં એક અભ્યાસ ભૂકંપ બાદ હાથ ધરાયો હતો. તારણો એમ દર્શાવે છે કે સભ્યોની ક્ષમતામાં વિશ્વાસનો અભાવ એ તેમને સામેલ નહિ કરવાનું મુખ્ય કારણ છે. એને આધારે પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના ક્ષમતા વર્ધન માટે આપત્તિના સામનાની તૈયારી અને સંચાલન વિશે એક તાલીમ કાર્યક્રમ હાથ ધરાયો. તા.૭-૫-૨૦૦૨ના રોજ આ વિશે રાજ્ય સ્તરીય ચર્ચા સભા પણ યોજવામાં આવી કે જેમાં GSDMA, OSDMA, UNFPA, NIRD સહિત ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાતા સંસ્થાઓએ ભાગ લીધો હતો.

### વિકલાંગતાના પ્રશ્ને કામગીરી

'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગ સાથે 'વિકલાંગો માટે અને સાથે કામ કરવા નાગરિક સમાજનું ક્ષમતા વર્ધન' નામક પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. ગુજરાતની સ્થાનિક સહભાગી સંસ્થાઓના સહયોગ સાથે તે એક ઝુંબેશ તરીકે હાથ ધરાશે.

### 'ચરખા'ની કામગીરી

છેલ્લા ૩ માસ દરમ્યાન ૫૮ લેખો પ્રકાશિત થયા છે. ગયા વર્ષના ગુજરાતના ભૂકંપ બાદ જે વિધાયક વિકાસલક્ષી અનુભવો થયા તેને વિશે પણ લેખો તૈયાર થયા. ખાસ કરીને મહિલાઓ, બાળકો, આરોગ્ય, મકાનોના સમારકામ, ખેતી અને ખેતી સિવાયની જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ, પુનર્વસનમાં મહિલાઓનું નેતૃત્વ વગેરે પર ખાસ લેખો તૈયાર કરાય. પાણી, અસંગઠિત ક્ષેત્રના કામદારો, પ્રદૂષણ, ઔદ્યોગિક અને વ્યાવસાયિક આરોગ્ય જેવા અન્ય પ્રશ્નો પણ આવરી લેવાયા. ૨૫ જેટલાં સંગઠનો માટે લેખન કૌશલ્ય વિશે ૮ શિબરો રાખવામાં આવી કે જેમાં ૧૦૦ કાર્યકરોએ ભાગ લીધો. ૮ સંગઠનોને માધ્યમ સહયોગ પૂરો પડાયો.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

### કચ્છના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન

વીતેલા ત્રણ માસ દરમ્યાન વિધવાઓ, વિકલાંગો અને ભરતગૂંથણ કરનારી સ્ત્રીઓ જેવાં નબળા વર્ગોનાં જૂથોની રચના કરવા માટે સઘન પ્રયાસ કરાયો. ૩૪ વણકર કુટુંબને માળખાગત સવલતોનો ટેકો પૂરો પડાયો અને તેમનાં વર્કશેડનું પુર્નબાંધકામ થયું. બ્લોક પ્રિન્ટિંગ કરનારા માટે ૧૨ વર્કશેડનું પુર્નબાંધકામ કરાયું. જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ દ્વારા અનેક નવી વસ્તુઓ વિકસાવવામાં આવી. ભચાઉ નગરમાં અમુક ભાગ માટે પુનર્વસનની એક વૈકલ્પિક યોજના સરકાર સમક્ષ મૂકવામાં આવી. તેનાથી જેમનું પુનર્વસન કરવાનું છે તેવાં કુટુંબોની સંખ્યામાં ઘટાડો થશે અને ૩૦ ટકા જમીન બચશે. વળી તે વરસાદી પાણીના નિકાલની સમસ્યાને પણ ધ્યાનમાં લે છે.

### રાજસ્થાનમાં દલિત નેતાઓનું ક્ષમતા વર્ધન

'દલિત અધિકાર અભિયાન'ની વાર્ષિક સમીક્ષા એમ દર્શાવે છે કે જાહેર સ્થાનોએ થતા ભેદભાવનું નિવારણ કરવાના પ્રશ્ને પ્રગતિ સધાઈ છે. સાથે સાથે દલિતોના સંગઠનની પ્રક્રિયા વધારે મજબૂત રીતે આગળ ધપે તે માટે અનેક પ્રશ્નો ઓળખી કઢાયા છે. પાણી મેળવવામાં સમાનતા ઊભી થાય, જમીનના દબાણના પ્રશ્ને અવાજ ઉઠાવાય અને જમીનનો પટ્ટો હોવા છતાં જમીન ખાલી ન કરાવાય જેવા પ્રશ્નો વિશે ધ્યાન કેન્દ્રિત કરાયું છે. સ્થાનિક સ્તરે દલિત સંદર્ભ અને માહિતી કેન્દ્ર દલિત નેતાઓના ક્ષમતા વર્ધન માટે અનિવાર્ય છે એમ પણ નક્કી થયું. આ જરૂરિયાતને પહોંચી વળવાની વ્યૂહરચના પછીથી ઘડાશે. સહભાગી સંસ્થાઓએ આંબેડકર જયંતી નિમિત્તે રેલીઓનું આયોજન કર્યું હતું. તેના અંતે ઉપસતા દલિત પ્રશ્નો વિશે ચર્ચા ઊભી થઈ.

### સ્થાનિક સ્તરે સ્વશાસન

રાજસ્થાનમાં ઝુનઝુનુ જિલ્લામાં અલ્સીસર બ્લોકમાં મહિલાઓની સહભાગિતા વધારવા માટે પાંચ ગ્રામ પંચાયતોના મહિલા સભ્યોને ખાસ ગ્રામ સભા બોલાવવા માટે એપ્રિલ-૨૦૦૨ દરમ્યાન વિશેષ પ્રોત્સાહન અપાયું. આ ગ્રામ સભામાં મહિલાઓએ નશાબંધી, છોકરીઓનું શિક્ષણ અને સ્ત્રીઓ સંબંધી યોજનાઓ અંગેના મુદ્દા ઉઠાવ્યા. રાજસ્થાનમાં દરેક પંચાયત સંદર્ભ કેન્દ્ર દ્વારા જે તે પંચાયત વિસ્તારોમાં આયોજન માટેની બેઠકો યોજવામાં આવી. તેનો હેતુ ખાસ કરીને મહિલાઓ અને દલિતો જેવા વર્ગોની ભાગીદારી વધારવાનો હતો. તેને પરિણામે ચાર ગ્રામ પંચાયતોમાં ભેદભાવનો પ્રશ્ન ઉઠાવવા અંગેના ઠરાવો પસાર થયા અને ૨૦ ગ્રામ પંચાયતોમાં મહિલાઓને અને ખાસ કરીને ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને લાગુ પડતી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કરાયું હતું.

**જુઓ પૃષ્ઠ ૨૭**

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોનઃ ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈનઃ રમેશ પટેલ, રૂપાંકનઃ હિતેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણઃ કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.